આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૬ • અંક : ૧

સળંગ અંક : ૧૦૨૫

એપ્રિલ-૨૦૨૬





# રૂંવાડે રૂંવાડે જીવનની ધારા

પળેપળ ઉલ્લાસથી ઊછળતી હોય, રૂંવાડે રૂંવાડે જીવનની ધારા વહેતી હોય એ જ ખરું જીવન છે.

ઘણા લોકોનું જીવન જડ હોય છે. ખાવું-પીવું-ઊંઘી જવું. તારીખ-વાર-પંચાંગોમાં અટવાતા રહેવું, સમયપત્રકમાં ગૂંચવાયા કરવું, વિધિ-વિધાન કે ઘરેડમાં ઘુમ્યા કરવું. ભગવાન પાસે પ્રાર્થના કરતા હોય ત્યારે એમાં પણ ઔપચારિકતા, રિક્તતા અને કેવળ વિધિની જડતા.

પણ આપણે તો રોમેરોમ જીવવું છે. ક્ષણેક્ષણ, ઘડીએ ઘડી જાગૃતિ, સ્પંદન, ચેતના સાથે જીવવું છે. એકેએક ઈન્દ્રિય જાગૃત હોય. સુગંધનું લહેરાવું, પંખીનું ઊડવું, પાંદડાનું ખરવું, એકેએક તરંગને મારા હૃદયમાં ઝીલતો રહીશ અને મારા હોઠો પર સ્મિતને આવવા દઈશ. પગલે પગલે સ્ફૂરણ અને ઘડીએ ઘડીએ પરોઢનો ઊઘાડ અનુભવીશ.

બધું જાણવું છે. બધું જોવું છે, દૂર જવું છે અને ઊંડે ઊતરવું છે. પાસેનું કે દૂરનું બધું જ જોવું-માણવું-પામવું છે. જાગ્રત મન અને સાવધાન દેહથી ચૈતન્યને અનુભવવું છે.. કેટલાક માણસો તો માણસ હોવાનો માત્ર ઢોંગ જ કરે છે. અંદરથી ખાલી, યંત્ર જેવા. પથ્થર જેવા. રોજ એ જ ક્રમ, એ જ વિચારો, એ જ વાતો, એ જ કામો, એ જ ઘટમાળ. મારી તો પ્રાર્થના છે કે મને રોમેરોમ જાગવા દો. અંગેઅંગ અને ક્રોપેકોપ જાગૃતિ. દેહમાં અને મનમાં, સમાજમાં અને ઊર્મિમાં, ધર્મમાં અને કુટુંબમાં બધાને માટે જીવતો રહું. સદાને માટે જાગ્રત રહું. જીવન જેવું આવે તેવું સ્વીકારવું છે, જીવવું છે. હા, રોમેરોમ જીવવું છે.

(ફાધર વાલેસના લેખને આધારે)

# ઘરશાળા

વર્ષ : ૮૬ એપ્રિલ ૨૦૨૬ અંક : ૧ સળંગ અંક : ૧૦૨૫

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | **સંપાદકીય** | |
| | જ્યોતીન્દ્રભાઈ દવે | ૫ |
| ૨ | **જેમના હાથે પકડી જાણી પીંછી, ચૉક ને પેન!** | |
| | ઈશ્વર પરમાર | ૯ |
| ૩ | **અધ્યેતા** | |
| | ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા | ૧૪ |
| ૪ | **કોલાર (સોનાની ખાણ)** | |
| | કાકાસાહેબ કાલેલકર | ૧૬ |
| ૫ | **શ્રીમાન જીમ કૉર્બેટનું ભારત - પ્રકરણ-૫** | |
| | રાજેન્દ્ર દવે | ૧૮ |
| ૬ | **ગુજરાતી વિષયમાં કાવ્યનું શિક્ષણ** | |
| | અમિતાબેન પાલખીવાલા | ૨૧ |
| ૭ | **'સત્યના પ્રયોગો' અથવા આત્મકથા' - ઝેન જી માટે રોલ મૉડલ?** | |
| | સુદર્શન આયંગર | ૨૫ |
| ૮ | **નિરાકાર શબ્દ કે સંકલ્પનાને સમજવાનો એક માત્ર ઉપાય!** | |
| | હરેશ ધોળકિયા | ૩૬ |
| ૯ | **પુસ્તક પરિચય - શિક્ષણ અને કેળવણી** | ૩૯ |
| ૧૦ | **શિક્ષણ સમાચાર** | |
| | અશોક સોમપુરા | ૪૦ |

**સ્થાપક તંત્રીઓ**
હરભાઈ ત્રિવેદી
રઘુભાઈ નાયક, જશીબહેન નાયક

**તંત્રીઓ**
જ્યોતીન્દ્રભાઈ દવે
સજુભા ઝાલા

**સહતંત્રી**
અશોકભાઈ સોમપુરા

**વ્યવસ્થા અને સંકલન**
કે. ડી. પટેલ
ભૃગેશ તપોધન

**પરામર્શન**
અમિતાબહેન પાલખીવાલા

**ઘરશાળા કાર્યાલય સરનામું**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**
**ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭**
**મોબાઈલ : ૯૨૨૭૭૫૨૫૨૩, ૮૩૪૭૯૦૦૭૯૨**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છાપનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

email : gharshala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

**લવાજમ અંગેની માહિતી**

| લવાજમ | ભારત | પરદેશ |
|---|---|---|
| વાર્ષિક | ₹ ૨૦૦ | ₹ ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ ૫૦૦ | ₹ ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ ૮૫૦ | ₹ ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિકના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર-૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.

ઓનલાઇન માધ્યમથી લવાજમ મોકલવા માટે :
બેંકનું નામ : બેંક ઑફ બરોડા
ખાતા નંબર : ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭
ખાતાનું નામ : ઘરશાળા માસિક
આઈ.એફ.એસ.સી. કોડ : **BARB0SARASP.** (Fifth character is zero)

# સંપાદકીય



- જ્યોતીન્દ્રભાઈ દવે

## અગમના એંધાણ

ગુજરાતના જાણીતા કેળવણીકાર, વિચારક અને સાહિત્યકાર શ્રી મનુભાઈ પંચોળી (દર્શક)થી સૌ સુપેરે પરિચિત છે. દક્ષિણામૂર્તિ અને લોકભારતી સંસ્થાઓ અને તેની સાથે ચાલેલા જાહેરજીવનની કથા અને તેના સંસર્ગે ઉઠેલા આંદોલનો અને અનુભવોને રજૂ કરતું પુસ્તક ''સદ્ભિઃ સંગઃ'' ગઈ સદીના ૮૦ના દાયકામાં ગુજરાતના શિક્ષણ જગતને આપ્યું. પુસ્તકના અંતે છેલ્લા પ્રકરણમાં રજૂ કરેલા વિચારો, વ્યથા અને અગમના એંધાણો આજે પણ એટલા જ પ્રસ્તુત છે. ઘરશાળાના વાચકોને આ એક વિચારભાથું જરૂર ગમશે.

- તંત્રી

એક વાત ચોક્કસ છે કે વિચારપૂર્વકનું શૈક્ષણિક આયોજન પરિણામ આપે છે. વિચાર એટલે ભણનારની સંવેદના અને શક્તિનો વિચાર અને બીજી બાજુ વિચાર એટલે જે સમાજમાં એ જવાનો છે તેની નિકટની અને દૂરની જરૂરિયાતનો વિચાર. જરૂરિયાત સાચવવાની કે ફેરવવાની હોઈ શકે. સંસાર ગતિ અને સ્થિતિ બંને પર ચાલે છે. કોઈવાર સ્થિતિ પર આઘાત કરવો પડે છે, કોઈવાર ગતિને લગામ ચડાવવી પડે છે.

આ માટે સમતોલ વિચારશક્તિ, આવેગો વિશે સંયમભાવ અને સમાજની ગતિવિધિનું જ્ઞાન જોઈએ.

આજનું શિક્ષણ નોકરીની થોડીક શક્યતા સિવાય ભાગ્યે જ કાંઈ આપે છે, તે જરૂર નિરાશા ઉપજાવે તેવું છે. પણ તેને ઉપાય શિક્ષણના બળ વિશે વિશેષ શ્રદ્ધા અને વિશેષ આયોજન છે. પાકિસ્તાન ઘણાં સારાં કે માઠાં કારણોસર આવ્યું પણ તેમાં અલીગઢ અને ઓસમાનિયા યુનિવર્સિટીના ચાર-પાંચ દશકના શિક્ષણનો મોટો હિસ્સો છે. ઉર્દૂ ભાષા દ્વારા મુસ્લિમ અલગતાની ભાવનાવાળા બૌદ્ધિકો તેણે ઊભા કર્યા, અને પાકિસ્તાનના તે કમાંડિંગ ઑફિસરો બન્યા. ઑક્સફર્ડ કેમ્બ્રીજના શિક્ષણે ઇંગ્લેન્ડને હિન્દુસ્તાનના રાજકર્તાઓ આપ્યા તે બહુ જાણીતી વાત હોવા છતાં તેનું મૂલ્ય સમજાયું નથી. નહિતર આ દેશના શિક્ષણની સ્વરાજ્યમાં આવી દુર્દશા ન હોત.

સેદાનના મેદાન પર જર્મનોએ ફ્રેંચોને હરાવ્યા ત્યારે સરસેનાપતિ મોલ્ટકે કહ્યું, 'અહીં જર્મન સિપાહીએ ફ્રેન્ચ સિપાહીને નથી હરાવ્યો, પણ જર્મન શિક્ષકે ફ્રેન્ચ શિક્ષકને હરાવ્યો છે.'

આવું ધ્યેયનિષ્ઠ શિક્ષણ સનાતન અને નૂતન હોવું જોઈએ. હરેક વર્તમાન જૂના ઇતિહાસનું નવું પ્રભાત છે; તેની કડીઓ અવગણી શકાતી નથી. લાંબા સમય સુધી વગર વિરોધે કે ભાવપૂર્વક ચાલતી પરંપરા હોય તેમાં એક ઉપયોગિતા અને અમરત્વ હોય છે, એ છે સનાતનતા. આપણા ઇતિહાસમાં આ સનાતનતાના ગુણને આપણે 'જીવો અને જીવવા દો'

ના સંસ્કાર કહી શકીએ. આને જ અહિંસા ધર્મ શબ્દથી ઓળખાવેલ છે. ભારતમાં આ સંસ્કાર જમાનાઓ સુધી સહજરૂપે રહ્યો અને તેથી મુસ્લિમો આવ્યા ત્યાં સુધી અનેક જાતિઓ આવીને પાણીમાં લૂણની જેમ ઓગળી ગઈ.

આપણા દેશમાં કોઈપણ બળવાન રાજ્ય ૧૮૫૭ સુધી ભાગ્યે જ હતું. અને છતાં આ વિશાળ રાષ્ટ્ર બીજા કોઇ પણ રાષ્ટ્ર કરતાં વધારે શાંતિથી ને વધારે લાંબા કાળ માટે જીવ્યું. એટલું જ નહિ, અહીં અદ્‌ભુત મંદિરો, તેથીય અદ્‌ભુત મહાકાવ્યો, સુરમ્ય નાટકો, શાંત પાણીથી છલકાતી વાવો, અંબર જેવા મોટા કોટ કિલ્લાઓ બંધાતા ગયાં. આ સનાતન મહત્તા શિક્ષણનું લૂણુ બનવું જોઈએ. વડવાઓની વડાઇ નહિ, તેમની સમજપૂર્વકની ભક્તિ, જે ભક્તિ ભક્તમાં ઋણભાવને વિકાસ કરે. વર્તમાન શિક્ષણ આવો કશો ઋણભાવ શીખવતું નથી. પોતાના મહાન પૂર્વજો માટે જ નહિ એટલે પોતાના માતા-પિતા માટે પણ નહિ. 'હું મારું ફોડી લઇશ'નો વ્યક્તિવાદ ઝાકળ જેવો છે. મોહક, પણ ક્ષણિક. ખરેખર તો 'સ્વાયત્ત હું' જેવું કંઇ છે જ નહિ. અમે જ છે. ઈલોરાનું કૈલાસમંદિર બંધાતાં પંદર પેઢીઓ ગઈ. ખડકમાં મંદિર છેક ઉપરથી કોતરાતું આવ્યું. પંદર પેઢી સુધી કારીગરો, સ્થપતિઓના એ વિશાળ સમૂહમાં એક સામૂહિક ચેતના, સહકારભર્યું સ્વપ્ન કેવી રીતે એકરૂપ રહ્યું હશે?

વિજ્ઞાન પણ એક સામૂહિક પુરુષાર્થ છે. ચંદ્ર પર જેમને મોકલાયા અને જેમને પાછા લવાયા તે માટે પૃથ્વી પરના ચાર લાખ વિજ્ઞાનીઓનો ક્ષણે ક્ષણનો સામૂહિક પુરુષાર્થ હતો. એ ચાર લાખ લોકોમાં તો કેટલાયે નામી-અનામી વૈજ્ઞાનિક અને તેના મદદનીશ અસંખ્ય સ્ત્રી-પુરુષો હતાં. 'હું' નહિ 'અમે' જ હતું અને 'અમે' જ છીએ.

નવા શિક્ષણે જે આપવાનું છે તે આ સનાતન અને નૂતનની કલમ. અમે છાત્રાલય જીવનને આનું એક ઉત્તમ સાધન ગણ્યું. માણસ પરિવાર-પ્રિય જીવ છે, તેને કુટુંબથી છૂટા પડવાની ઉંમરે રેઢો ન મુકાય. બીજો નાનકડો પરિવાર મળવો જોઈએ.

બીજું અમે માન્યું કે ઉપયોગી ઉત્પાદક પ્રવૃત્તિ મનુષ્યના સમતોલ વિકાસનું સાધન છે. મગજ મારફત હાથ-પગ કેળવી શકાય છે. તેવી જ રીતે હાથ-પગ મારફત મગજ પણ કેળવી શકાય છે. ગાંધીજીએ આને દસ આંગળાંના કાવ્યનું રૂડું નામ આપ્યું.

ઉપનિષદ કાળ પછી આ દેશની સંસ્કૃતિએ વર્ણાશ્રમ વ્યવસ્થા નીચે ઉપલા વર્ગને પરિશ્રમથી અલગ રાખ્યો; એટલું જ નહિ, આ અલગતાને તેણે ગૌરવ-શોભા આપ્યાં. તેણે દેશને જેટલો દુર્બળ બનાવ્યો છે તેટલો બીજી કોઈ બાબતે નહિ. તેણે શ્રમિકો અને બૌદ્ધિકો વચ્ચે અમૈત્રી, અપરિચિતતા અને અભાવ કેળવ્યાં. એક સમાજમાં જીવતાં છતાં બંનેને સ્વકેન્દ્રી અને અસહકારી બનાવ્યા. સ્વૈચ્છિક એકરૂપતા ન રહી. પ્લેટો અને ડિઝરાઇલીના શબ્દોમાં 'એક શહેરમાં બે શહેર બન્યાં.'

સનાતન કાળની આ ભૂલ નવી કેળવણીએ કાઢવી પડશે.

મેં મારા લાંબા જીવનમાં જોયું છે કે સમાજવાદની વાત કરવાવાળા પોતાના બાળકોને કોન્વેન્ટ કે ભદ્રવર્ગની ખર્ચાળ શાળામાં ભણાવે. દિલ્હી આવા વેજીટેબલ સમાજવાદની મહાનગરી છે. આના કરતાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી વધારે સમજુ, પ્રજાવત્સલ હતા. એમણે પોતાના કુંવરોને કેટલોક વખત સામાન્ય હાઈસ્કૂલમાં મોકલેલ.

ઇંગ્લેન્ડમાં તો હમણાં સુધી વડા રાજપુત્રને વહાણ પર ખલાસીઓ જોડે તાલીમ લેવા મોકલતા.

આ કેન્સરે બંને બાજુ નુકસાન કર્યું છે. આને કારણે જ આજના દલિત સાહિત્યમાં સંરોષ આવે છે, સાહિત્ય ભાગ્યે જ આવે છે. અપરિચિતતા અને અભાવમાં આવું જ બને. જ્ઞાન-સંસ્કારિતા વિકૃત થાય. આથી અમે કોઈનેય સામાજિક શ્રમમાંથી કદી મુક્તિ ન આપી. અધ્યાપકો પણ આવા સામૂહિક શ્રમમાં આવે તેમ ગોઠવ્યું-ઠરાવ્યું.

રાજકારણ આજે ચારે બાજુ વીંટળાયેલું છે. તે સહજ પણ છે. સમાજને જેટલો સંકુલ બનાવો તેટલી રાજ્યની સત્તા વધે જ. સવાલ તેના પરના અંકુશનો છે. રાજ્ય સમાજનું સંતાન છે. તેને જરૂરી સત્તા હોય જ, પણ તે સત્તા પર નિગેહબાની જોઈએ. લ્યુથરને પોપની સત્તા સામે બળવો કરવાનો અધિકાર છે. પણ લ્યુથરની સત્તા પણ બગડે. તે ન બગડે તે માટે તેના પર અંકુશ જોઈએ, તેમ કેથોલિક હોવા છતાં લોર્ડ એક્ટને કહ્યું છે તે સાચો ઐતિહાસિક નિષ્કર્ષ છે.

આથી નાગરિક હરેક પ્રકારની રાજકીય, આર્થિક, ધાર્મિક કે સાંસ્કૃતિક સત્તાઓ પર અંકુશ રાખવાનું શીખે તે, પોતે રાજસત્તા પર જાય તેના કરતાંય વધારે જરૂરી છે.

આરંભથી જ એ ચર્ચા ચાલ્યા કરી છે કે સમાજમાં આવ્યાથી માણસની સ્વંતત્રતા ઘટી છે કે વધી છે? રૂસોએ આની ભારે ચર્ચા કરી છે. તેમાં પ્લેટોથી નીલ સુધીના અંતિમ છેડાઓ છે.

પણ પ્લેટોનું એક વાક્ય જ પ્રશ્નનો નિવેડો લાવે છે : 'આત્યંતિક સ્વતંત્રતા આત્યંતિક ગુલામી લાવે છે.' આત્યંતિક એટલે કોઈ કોઈનું ન માને. ફાવે તેમ કરે.

આ વાક્ય જ મધ્યમ માર્ગ સૂચવે છે. કોઇક વિચારકનું વાક્ય હું વારેવારે ટાકું છું :

"Order without freedom is tyranny
and freedom without order is anarchy."

એટલે કે બે કાંઠા વચ્ચે વહેતી ભરપૂર નદી જેવી સ્વતંત્રતા. આનો એક કાંઠો છે પ્રશ્નો પૂછવાનો હક્ક અને બીજો કાંઠો છે નિર્ણય અમલી કરવાની જવાબદારી. સમાજ એ કાંઠાઓથી સુરક્ષિત અને સ્વતંત્ર રહે છે.

શિક્ષિત માણસ જેમ જેમ આગળ વધે છે તેમ તેમ તેને આની પ્રગાઢ ગંભીરતા સમજાય છે. તેથી તેની જવાબદારી સવિશેષ વધે છે. તે આત્મશાસિત-આત્મસંયમી બને છે.

નાનાં બાળકો આ ઓછું જ સમજે છે. તેમની સામાજિકતાનું વર્તુળ જ નાનું છે. એટલે તેને વધારે સ્વતંત્રતા મળે તે સ્વાભાવિક છે.

સ્વતંત્રતા શ્વાસોચ્છ્વાસ જેવી વસ્તુ છે. તે જીવનનો આધાર છે. પણ તેનાથી જ જીવન પરિપૂર્ણ બનતું નથી. અર્થપૂર્ણ જીવન જુદો જ આયામ છે અને તે માટે અવારનવાર શ્વાસનું નિયમન અને અવલોકન પણ જરૂરી બને છે. આવા કાંઇક ખ્યાલથી અમારું ચાલ્યા કર્યું છે. order without freedom નહિ અને freedom without order પણ નહિ. એકંદરે આનાથી અમારી સંસ્થા સંસારની ગલીઓમાં પ્રકાશિત રહી.

તે રહેશે જ એમ તો કોણ કહી શકે? ઇતિહાસ જોષ જોતો નથી. તે વલણો બતાવી પુરુષાર્થ કરવા પ્રેરે છે.

જે જાતનું સરકારી તંત્ર છે, જે જાતના નિયમો તે ઘડે છે, તે સાચા શિક્ષણ આપનારને ચોક્કસ અનુકૂળ નથી. તેમાં શિક્ષકોને રીઝવવા, ખુશ કરવાનું વલણ છે. સંચાલકો બધા શોષક છે તેવી માન્યતા છે છતાં તેમને દંડવાની આ રાજ્યમાં હિંમત નથી. બધી કેળવણી હાથ લેવાની હોંશ છે પણ શિક્ષકો પાસેથી કામ લેવાની હિંમત નથી.

હાથ લીધી છે એટલી કેળવણી પણ સારી રીતે ચલાવવાનું પ્રમાણપત્ર તેને અપાય તેવું નથી. પ્રાથમિક શિક્ષણ પંચાયતોને સોંપ્યું છે ત્યાં લાંચ, ભ્રષ્ટાચાર ફેલાયેલાં છે તે સહુ કોઈ જાણે છે. માધ્યમિકનું પણ તેવું જ છે. કાલે જ એક હાઈસ્કૂલના આચાર્ય મળ્યા. તે કહે, 'અમારે તમારાં અમુક સ્નાતિકા લેવાં હતાં, તે લાયક હતાં. પણ સરકારી અધિકારી કહે કે બે જગ્યા પૂરવાની છે તેમાં એક મને આપી દો, હું મારા દસ હજાર શા માટે જવા દઉં?'

આવા ડઝનબંધ કિસ્સાઓ હું જાણું છું. એમાં સત્તાધારી પક્ષના કાર્યકરો સામેલ થાય એટલે પતી ગયું. મા ઊઠીને દૂધમાં ઝેર પાય પછી કઇ અદાલત પાસે જવું?

આમ સંચાલકો, શિક્ષકો અને સરકારની સ્વાર્થી પટ્ટાબાજી વચ્ચે એક જ જણ કપાય છે તે છે બિચારું શિક્ષણ.

આથી અમારી સંસ્થાઓ પણ ગૌરવભેર ચાલશે જ તેમ કોણ કહી શકે?

કયે દિવસે એકાદ ધારાસભ્ય કે સંસદસભ્ય અમારા વિદ્યાર્થીઓ કે અધ્યાપકોને આંબા-આંબલી દેખાડી પ્રશ્નો ઊભા કરે તે કેમ કહેવાય? ક્યારે સરકારી તંત્રની આજની શુભ નજર અશુભ બનશે તે કેમ કહેવાય? ઊંચા પગારો, ભથ્થાં, એલ.ટી.સી.ના ધોધ, બીજા અધ્યાપકોની જેમ ઓછું કામ અને સ્વૈરવિહાર કરવા અમારા અધ્યાપકોને પણ નહિ લલચાવે તે કોણ કહી શકે?

માણસ તો સમજપૂર્વકનો પુરુષાર્થ કરવાનું જ કરી શકે, બાકીનું તો ઈશ્વરાધીન (કે અત્યારે રાજ્યાધીન?) છે.

તપ, પ્રમાણિકતા, નમ્રતા, દઢતા જરૂર ફળે છે. પણ તેનું કોઈ સમયપત્રક, આ ખળભળી ગયેલા પાયાવાળા સમયમાં કોણ આપી શકે? જે જીવશે તે અવશ્ય જોશે કે કલ્યાણમાર્ગે જનારની લાંબા ગાળે દુર્ગતિ થતી નથી. અને કસોટી વિનાની ભક્તિની શી ખાતરી? ભલે કસોટીઓ થતી! ભલે તે લાંબા ગાળે ફળે!

સાભાર - સદ્‌ભિઃ સંગઃ

લેખક : મનુભાઈ પંચોળી (દર્શક)

# જેમના હાથે પકડી જાણી પીંછી, ચૉક ને પેન!

- ઈશ્વર પરમાર

''ભાઈ, હવે મારું શરીર કામ કરતું નથી; તું બહાર જવાનું ન કરે તો સારું. હવે તો તું નાનુંમોટું કામ કરે તો હાશ કરું!'' - પોતાની વિધવા માનાં આંસુભીના આ શબ્દો સાંભળીને દેવુના દિલમાં હલચલ મચી ગઈ. મા હવે કેટલું વેઠી શકે?

કાષ્ઠશિલ્પી પિતા ગોરધનભાઈએ અચાનક બે દિવસની માંદગી ભોગવીને મોટી જાત્રાની વાટ લીધી અને માતા મોંઘીમા પાસે રહી ટૂંકી જમીન અને લાંબી જિંદગી! ચાર દીકરીઓ અને નાનો સાત વરસનો દેવું. એની જન્મતારીખ : ૧૨-૬-'૨૨. એ દીકરાનું ભણતર અને દીકરીઓના વરા મોંઘીમાએ એકલા હાથે ઉકેલવા માંડ્યા. દળણાં-પાણી ને સીમ-ખેતરની મજૂરી! ભરતકામ જાણે, તેથીય બે પૈસા રળી લે.

દેવુનેય પાટીમાં પોપટ, મોર ને વેલબુટ્ટા દોરી આપે. તે ઘૂંટતા ઘૂંટતા દીકરાએ અજાણતામાં ચિત્રકાર તરીકેના સંસ્કાર અંકે કરવા માંડ્યા.

પોરબંદર પંથકના ફટાણા ગામની ગોદમાં ઊછરતો દેવું નદીમાં તરે અને ડૂબકી-દાવ રમે; આંબલી-પીપળીની રમત રમે ને વડના ટેટા અને આંબલીના છૂંછા ચાવે. આગળ-બાવળ ને કુકડવેલાનાં પીળાં ફૂલોનો આશક દેવું કેસૂડાંનાં ફૂલો પાછળ તો ગાંડોતૂર. એનું ઝૂમખું તોડીને એની સુંવાળપ પાંપણ પર ફેરવ્યા કરે અને એનો રંગ જાણે. આંખમાં ઊતરતો હોય તેવો અનુભવ કરે!

એકવાર દેવુએ ઘર-ખરીદી કરતી વખતે બે-પાંચ પૈસા ખિસ્સામાં રાખી લીધા. આની મોંઘીમાને ખબર પડી ત્યારે દીકરાને માથે હાથ મૂકીને કહ્યું, ''ભાઈ, જીવનમાં કોઈને છેતરીશ નહીં; સચ્ચાઈ તો જીવનની મોટી મૂડી છે.''

કિશોર દેવુના દિલમાં ક્યારેક કોઈ વાતે દખ લાગે ત્યારે તે ગોરખનાથની જગામાં બેસતા અરજણ ભગત પાસે મન ઠાલવે. અરજણભાઈ એને પાનો ચડાવવા અને ધરપત દેવા કહેતા : ''ભાઈ દેવુ, મનખના જીવતરમાં વિધાતાએ કાંવ કાંવ લખ્યું હોય ઈ કુણ પારખે? જીવનની ઘટમાળ સખદખ દેનારી હોય અને જીવનને સરાણે ચડાવનારી પણ હોય...''

ગામની કમ્પોઝિટ સ્કૂલમાં સાતમા ધોરણમાં ભણતા એ દેવજીએ વાર્ષિક પરીક્ષામાં અંગ્રેજીમાં સોમાંથી નવ્વાણું ગુણ મેળવ્યા. પરીક્ષા લેવા માટે આવેલા ઈન્સ્પેક્ટર શ્રી વજેશંકર રાવળે તેની પીઠ થાબડી અને હાઈસ્કૂલમાં આગળ ભણવા જવા ઉત્સાહ આપ્યો ત્યારે જાણે દેવજીના જીવનનો નકશો દોરાવા માંડ્યો!

પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને ચૌદ વરસનો

દેવજી ફટાણાથી પોરબંદર આવ્યો. (૧૯૩૬) પોરબંદરના કલાગુરુ અને ભાવસિંહજી હાઈસ્કૂલના શિક્ષક શ્રી માલદેવ રાણાએ તેને હૂંફ આપી.

દેવજી મૅટ્રિકના વર્ગમાં હતો (૧૯૪૦-'૪૧) તે વખતે હેડમાસ્તર શ્રી સી.એલ. માંકડ ચિત્રવર્ગમાં પણ રસપૂર્વક જતા. તેઓ પોરબંદર રાજયના કેળવણી-અધિકારી પણ ખરા. વિદેશમાં જઈ આવેલા. વિદ્વાન ને રાષ્ટ્રવાદી, રમતવીરને કલાપ્રેમી તેઓ દેવજીની કલાસાધના વિકસતી જોઈ ખુશ થતા.

એક દિવસ એમણે દેવજીને પોતાના ખંડમાં બોલાવીને કહ્યું, ''હું તને મુંબઈની જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં મોકલવાનો પ્રયત્ન કરું છું. હાઈનેસ તરફથી સ્કૉલરશિપની વ્યવસ્થા થઈ જશે.''

આ સાંભળીને તરુણ કલાકાર દેવજીનું અંતર ઊછળી ઊઠ્યું. શાળામાં કરાવાતો અભ્યાસ તેને નિરર્થક લાગવા માંડ્યો. તેને થયું કે મુંબઈ જઈને ચિત્રશિક્ષણ લેનારને મૅટ્રિકના મામૂલી સર્ટિફિકેટની શી જરૂર? દેવજીએ હરખભેર માને વાત કરી ત્યારે જવાબ મળ્યો : ''દીકરા, તને ઠીક લાગે એમ કર.'' આમ દેવજીએ મૅટ્રિક થયા પહેલાં ભણતર અધૂરું મૂક્યું. (૧૯૪૧-'૪૨)

આ ગાળે પડઘાયો રાષ્ટ્રસમસ્તમાં એક જ સાદ : 'ક્વિટ ઇન્ડિયા... કરેંગે યા મરેંગે...!'' નવયુવાન દેવજી આ આંદોલનથી આંદોલિત થયો. તે કાળે તેવું આંદોલન તો રાજ (સ્ટેટ)ની વિરુદ્ધનું ગણાય. તે આંદોલનમાં ભાગ લેનારાઓનાં નામ રાજમાં પહોંચ્યા ને પરિણામે મુંબઈ ભણવા જવા માટે દેવજીને રાજ તરફથી મળનારી સ્કૉલરશિપ નામંજૂર થઈ!

આચાર્ય માંકડ સાહેબને ખૂબ ખેદ થયો. દેવજીની નબળી આર્થિક સ્થિતિથી તેઓ વાકેફ હતા. એમણે તત્કાળ તો તેને એક પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નિમણૂક આપી દીધી.

વીસ વરસના દેવજીભાઈ વાજા હવે શિક્ષક થયા. તે વખતે પોરબંદર રાજમાં દરેક શિક્ષકે નિયત ગણવેશ પહેરવો પડતો - પાઘડી અને લાંબો કોટ. ત્રણેક વર્ષ શિક્ષણકાર્ય કરીને શિક્ષક તરીકે દેવજીભાઈએ ઘડાવા તો માંડ્યું પણ ચિત્ત તો મુંબઈ જઈને પ્રિયતમ ચિત્રશિક્ષણ પામવા માટે ચકરાયા કરે! તેના પ્રિયશિક્ષક અને કવિ શ્રી દામોદર ભટ્ટે (સુધાંશું) કહ્યું : ''તારું ધ્યેય સારા ચિત્રકાર થવાનું હોય એ જ બરાબર છે. આ માટે તું ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળની આંગળી પકડ.''

દેવજીએ એમને પત્ર લખ્યો. પત્ર મળતાં જ જવાબ : ''ચિત્રકામમાં નજર હોય તેને જ ચિત્રશાલામાં લઈએ છીએ. તમારું થોડું કામ - સ્કેચ જોવા મોકલો.''

દેવજીભાઈએ પોતાની કૌટુંબિક સ્થિતિનો ખ્યાલ આપતો પત્ર અને પોતે કરેલા થોડા સ્કેચ અમદાવાદ શ્રી રવિશંકર રાવળને મોકલાવ્યા. પત્ર મળતાં જ જવાબ : ''તમે અમદાવાદ આવી જાવ, ખર્ચનું થઈ રહેશે.''

અમદાવાદ મુકામે ગુજરાત કલાસંઘ ચિત્રશાળામાં પાંચ વર્ષ (૧૯૪૪-'૪૯) દેવજીભાઈની કલાસાધના જ નહીં, જીવનસાધના પણ ચાલતી રહી. આ ગાળામાં

શ્રીમત્ નથુરામ શર્માના આનંદ આશ્રમમાં રહીને એમણે ધાર્મિક સાહિત્ય અને વિદ્વાન સંતોનો લાભ લીધો.

પોરબંદર રાજના પ્રાથમિક શિક્ષણ વિભાગના વડા શ્રી વજેશંકર રાવળે દેવજીભાઈને દર મહિને દસ રૂપિયા સ્કૉલરશિપ મળે તેવી ગોઠવણ કરી હતી; પરંતુ એટલી રકમમાં કેમ નભી શકાય? કલાગુરુ રવિશંકરભાઈએ ઉદાસ જણાતા દેવજીભાઈને પૂછ્યું, ''તમે કેમ મૂંઝાયેલા રહો છો?'' આનો જવાબ સાંભળીને ગુરુ દર મહિને કવરમાં શિષ્યને સહાય આપતા રહેતા.

રવિશંકરભાઈ દેવજીભાઈને મમતાપૂર્વક પ્રવાસમાં કે શહેરમાં કોઈ કામે જતી વખતે સાથે રાખતા. એક વખત ભરબપોરે ચાલીને તેઓ ભો.જે. લાઈબ્રેરીએ ગયા. રવિભાઈએ પોતાને જોઈતાં પુસ્તકોની યાદી ત્યાંના મુખ્ય સંચાલક શ્રી કે. કા. શાસ્ત્રીને આપી. શાસ્ત્રીજી પુસ્તકો લેવા બાજુના રૂમમાં જતા હતા ત્યારે દેવજીભાઈને ગુરુ માટે પાણી લાવવાનું કહેતા ગયા. દેવજીભાઈ સામેના ટેબલ પર મુકાયેલા એક સામયિકને જોવામાં એવા તલ્લીન થઈ ગયા કે ગુરુને પાણી આપવાની વાત જ વીસરી ગયા! આથી ખૂબ તરસ્યા થયેલા રવિભાઈ જાતે પાણીની ઓરડી ભણી ચાલવા માંડ્યા. આ દેખીને શાસ્ત્રીજીએ પુસ્તકો કાઢવાનું કામ તત્કાળ પડતું મૂકીને પોતે રવિભાઈ માટે પાણી લેવાને દોડ્યા. લોટો ભરીને રવિભાઈને પાણી આપતી વખતે શાસ્ત્રીજીએ ઠપકાભરી નજરે દેવજીભાઈ સામે જોયું. ગુરુ મૌન!

પુસ્તકો લઈને તેઓ લાલ દરવાજા તરફ બસ પકડવા ચાલ્યા. શરમના માર્યા દેવજીભાઈ ગુરુ રવિભાઈની સાથે નહીં, પાછળ ચાલતા હતા. તેમનો ક્ષોભ પામી જઈને રવિભાઈ થોભ્યા ને દેવજીભાઈની સાથે થઈ ગયા. ખભે હાથ મૂકીને સાંત્વના આપતાં કહ્યું, ''દેવજીભાઈ, આ ઉપરથી તમારે ઘડો લેવાનો છે કે હું હંમેશા તમને શા માટે સાથે રાખું છું! તમે કલાકાર તો બન્યા છો જ, પરંતુ જીવનકલામાં પણ તૈયાર થાઓ એ જરૂરી છે. આપણો વ્યવસાય કલા તો છે જ પરંતુ જીવનકક્ષા વગરની એકલી કલા વાંઝણી બને છે. આ ઉપરથી બોધપાઠ લઈ કદી કોઈ જરૂરી કામમાં વિલંબ કરવાની વૃત્તિ રાખવી નહીં. આટલું તમે હંમેશાં યાદ રાખો એ મારી શિખામણ છે.''

શિષ્યના ઉત્કર્ષ માટે ઉત્સાહી ગુરુએ તેને કવિ રવીન્દ્રનાથ ઠાકુરના શાંતિનિકેતનમાં જઈ ચિત્રસાધના કરવા સૂચવ્યું. તે માટે આર્થિક ગોઠવણ કરી આપવાની તૈયારી દર્શાવી. શાંતિનિકેતનના 'સુંદરમ્' ધામમાં કલાની વધુ સાધના કરવા જવા દેવજીભાઈએ પગ ઉપાડ્યો ત્યાં મોંઘીમાએ કહ્યું, ''ભાઈ, હવે મારું શરીર કામ કરતું નથી; તું બહાર જવાનું ન કરે તો સારું. હવે તો તું નાનુંમોટું કામ કરે તો હાશ કરું!''

- અને ચિત્રકાર તરીકેની આગળ કારકિર્દીનો મોહ રાખ્યા વગર માના ખભેથી બોજો ઉતારવા દેવજીભાઈએ પોરબંદરની ભાવસિંહજી હાઈસ્કૂલમાં ચિત્ર-શિક્ષક તરીકેની નોકરી મેળવવા અરજી કરી. આ નિર્ણયથી ગુરુ રવિશંકર નારાજ તો થયા પણ માનો રાજીપો

જોવાની આ વેળા પણ ચૂકવી ન હતી.

પોરબંદરમાં ચિત્ર-શિક્ષક તરીકે નિમણૂક મળી. નિષ્ઠાથી નોકરી બજાવી. (૧૯૪૯-૮૦) જો કે નોકરીના આરંભમાં જ તેમના પગારના ગ્રેડ અંગે ગૂંચવણ થઈ. શૈક્ષણિક-ધારા મુજબ ડિપ્લોમા તરીકેની તેમની લાયકાત અધૂરી લેખાય; તેમણે ડી.ટી.સી. હોવું જોઈએ ને ડી.ટી.સી.માં પ્રવેશ મેળવવા માટે એસ.એસ.સી. હોવું ફરજિયાત! આથી દેવજીભાઈએ તેત્રીસ વર્ષની ઉંમરે (૧૯૫૫) એસ.એસ.સી.ની પરીક્ષા આપી ને પ્રથમ વર્ગમાં પાસ થયા. તે પછીના વર્ષે ડી.ટી.સી. થયા પછી ડી.એમ.એલ.ટી.સી. અને છેલ્લે કલાશિક્ષક માટેની સર્વોચ્ચ લાયકાત આર્ટમાસ્ટર થઈને મેળવી. (૧૯૭૪) તેમણે 'હિંદી સેવક'ની પરીક્ષા પણ પાસ કરી.

શિક્ષણકાર્યની સમાંતર એમની ચિત્રસાધના અનવરત ચાલુ રહી. એમનાં ચિત્રો 'કુમાર' સામયિકના મહાન તંત્રી બચુભાઈ રાવત પ્રકાશિત કરતા રહેતા. દેવજીભાઈએ તળપદી ગ્રામ્યકલાને ચિત્રફલક પર પાથરી અને પ્રસિદ્ધ કરી.

સમય મળતાં કલાપ્રેમી દેવજીભાઈ આસપાસના ગ્રામ્યદેશમાં કાગળ - પેન્સિલ લઈને ઘૂમતા રહે. ગ્રામ્યજીવનની ઝલકને ત્વરાથી આલેખે. આ રખડપટ્ટીમાં ક્યારેક ગાંઠિયાથી ચલાવી લે તો ક્યારેક ઉપવાસ! એમના ત્વરિત આલખનોનો સંગ્રહ એટલો તો વિપુલ છે કે આખો દિ' જોવા છતાં તેનો પાર ન આવે! નિવૃત્તિ પછીય આજે ઉમેરો તો થતો જ રહે છે : છેવટે ટીવીના પરદેથી કોઈ નૃત્યમુદ્રા ઝડપે! ચિત્રકાર તરીકે આંતરરાષ્ટ્રીય કક્ષાએ માન મેળવી ચૂકેલા દેવજીભાઈ વાજાના અનેક વનમૅન શૉ થયા : ને ઇનામોય અનેક મળ્યા.

પીંછી પકડી જાણતા આ કલાકારે પેન પણ પકડી જાણી. જાણીતા સામયિકોમાં લોકજીવન અંગેની એમની અભ્યાસ-નોંધો પ્રકાશિત થવા માંડી. 'ભદ્રંભદ્ર' નામનો કાવ્યસંગ્રહ પ્રકાશિત થયો. ગીતાના ગહન અધ્યયનનો સાર એમણે 'ગીતાપ્રસાદી' નામના પુસ્તકમાં આપ્યો છે. પુસ્તક 'આંતરનાદ' માં એમણે કર્તવ્ય, સમત્વ, અમરત્વ, સત્સંગ વગેરે જેવા એકસો આઠ વિષયો પરનું પોતાનું ચિંતન સંક્ષેપમાં લિપિબદ્ધ કર્યું છે. 'ગ્રામરૂખડાં' નામના પુસ્તકમાં એમણે ગામડાનાં સાત્ત્વિક અને સેવાભાવી પાત્રોનો વાસ્તવિક પરિચય આપ્યો છે. ભદ્રંભદ્ર કાવ્ય-સંગ્રહના પુષ્પ બીજામાં મુક્તક, તાન્કા, હાઇકુ અને ગીતો દ્વારા કવિ દેવજીભાઈ વાજાનો પ્રકૃતિપ્રેમ અને અગોચર માટેનું આકર્ષણ અનુભવી શકાય છે. એમની અનવરત અક્ષરસાધના એમને સાહિત્યકાર તરીકે ઓળખાવવા માટે સક્ષમ છે.

પોતાને ચિત્રકાર કે સાહિત્યકાર તરીકે ઓળખાવવાને બદલે ચિત્રશિક્ષક તરીકે ઓળખાવવાનું દેવજીભાઈ વિશેષ પસંદ કરે છે. જોકે શિક્ષક તરીકે એમણે ચિત્રોનું જ નહીં, ભાષા-સાહિત્યનું પણ સફળ અધ્યાપન કર્યું છે.

શિક્ષાની અસરકારકતા માટે વાર્તાતત્વ પર ભાર મૂકતા દેવજીભાઈએ ઘેર ટ્યુશન માટે આવતા વિદ્યાર્થીઓ પાસે કશી ફી લીધી નથી. શાળા સમય પછી ચિત્રવર્ગમાં બબ્બે કલાક લગી શીખવતા રહ્યા છતાં તેનું વધારાનું મહેનતાણું

લીધું નથી. શિક્ષક તરીકેની એમની માન્યતા એ રહી છે કે આવડે તે ન શીખવીએ તો આવડત શા કામની?

‘‘એક ચિત્રશિક્ષક એસ.એસ.સી.ના વર્ગમાં હિન્દી કેવું શીખવી શકે?’’ સ્કૂલ ઈન્સ્પેક્શન વખતે આવેલા એક અધિકારીએ ટાઈમટેબલ પર નજર નાખીને ટીકા કરી. આચાર્યને સાથે લીધા વિના એ તો પહોંચી ગયા એસ.એસ.સી.ના વર્ગમાં. જાણે પોતે હિન્દી ભાષી જ હોય તે અદાથી હિન્દી શીખવતા દેવજીભાઈના વર્ગમાં ઈન્સ્પેક્ટર આખો તાસ બેસી રહ્યા ને અંતે સૌ વચ્ચે તેમની પ્રશંસા કરી !

સાદાઇ, સરળતા અને ઋજુતા જેવા ગુણોને જીવતા દેવજીભાઈ વાજાને મળવા માટે પોરબંદર ગયો. અહીંની આર.જી.ટી. કૉલેજના અધ્યાપકમિત્રો અર્જુનભાઇ ભરડા અને હરભમભાઇ શિંગડિયાની સંગાથમાં થવા પામેલી એ યાદગાર બેઠકની આ રહી ઝલક :

‘‘દેવજીભાઈ, વિવિધ લલિતકલાઓ વચ્ચે આંતરસંબંધ હોવાનું આપ માનો છો?’’

‘‘માનું છું. ચિત્ર, સાહિત્ય અને સંગીત : આ ત્રણેય એકબીજાના પૂરક છે.’’

‘‘જે બાળકમાં ચિત્રકાર થવાની સંભાવના હોય તેનાં સ્વભાવ-લક્ષણો જણાવશો? તેમના ચિત્રશિક્ષણ માટે શું થવું જોઈએ?’’

‘‘ઈશ્વરભાઈ, આવાં બાળકોમાં નમ્રતા, શરમાળપણું અને જિજ્ઞાસાવૃત્તિ વિશેષ હોય છે. પ્રાથમિક ધોરણમાંથી જ તેમને ઓળખીને ઉત્સાહ આપવો જોઈએ. બાળકો હાઈસ્કૂલમાં આવે ત્યારે ચિત્ર શીખવવા માટે મોટા થઈ ગયા ગણાય. વળી, પ્રાથમિક શાળાનાં બાળકોને આમેય ચિત્રમાં વધુ રસ હોય છે. આથી તે કક્ષાએથી જ ચિત્રશિક્ષણ અપાવું જોઈએ.’’

‘‘આપ શ્રેષ્ઠ ચિત્રકારને બદલે શ્રેષ્ઠ ચિત્રશિક્ષકને શા માટે વધારે મહત્ત્વ આપો છો?’’

‘‘હું ચિત્રકળાના અભ્યાસ માટે ગયો તે પહેલાં જ મેં નિર્ણય કરી લીધો હતો કે હું ચિત્રશિક્ષક રહીશ; કારણ કે શ્રેષ્ઠ ચિત્રકાર બનીને થોડાં પ્રદર્શનો કરીને કે ચિત્રો વેચીને થોડી કીર્તિ ને કમાણી થઈ શકે પરંતુ ચિત્રકળાનું જે ધ્યેય છે તે તેથી પાર પડતું નથી. ચિત્રકળાએ સંસારને કંઇક આપવું જોઈએ અને તે વધુ ને વધુ માણસોમાં ઊતરે તે શાળાના શિક્ષણ દ્વારા જ. ઈશ્વરભાઈ, ભલે બધા કંઈ કલાકાર નથી બની શકતા પણ કલાની સમજ લઈને તે સંસારમાં પ્રવેશે તો દરેક ક્ષેત્રે કલાનો પ્રચાર અને પ્રસાર થાય. કલા દ્વારા હૃદયની કેળવણી મળે છે તે હું પ્રાથમિક શાળામાં હતો ત્યારથી જ દૃઢ કરી શક્યો હતો; એટલે જ હું ચિત્ર-શિક્ષક બન્યો જેમાં આર્થિક ઉકેલ પણ મળ્યો અને ઉમદા ધ્યેય પણ પાર પડ્યું.’’

‘‘દેવજીભાઈ, શિક્ષકો માટે આપનો સંદેશ?’’

‘‘શિક્ષકનું કાર્ય ધર્મનું કાર્ય છે. આપણો ધર્મ એ છે કે આપણી પાસે જે ઉત્તમ છે તે બાળકોને આપીએ. આર્થિક અપેક્ષા ન રાખીએ. જોકે આવી વાત લોકોને ગમતી નથી પણ આર્થિક બાબતને ગૌણ ગણીને સ્વધર્મ બજાવવામાં મળે છે જરૂર એક ઊંચા પ્રકારનો આનંદ!’’

**(અનુસંધાન પૃષ્ઠ ૧૫ ઉપર)**

# અધ્યેતા

- ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

અધ્યેતા હંમેશાં કંઈક શીખવા માટે અધ્યયનશીલ રહે તો જ તે શીખી શકે. અધ્યયન કરે તે શીખે. શીખવા માટે અભ્યાસ ટેવો, વાતાવરણ, અધ્યાપક, પરિવાર વગેરેની મહત્તા છે. અધ્યેતા વારંવાર વાંચન કરીને યાદ રાખવા પ્રયાસ કરે તેને ગોખણિયું અધ્યયન કહેવાય. તેમાં જે તૈયાર છે, ગોઠવાયેલું છે તે સ્વરૂપમાં જ મળે છે. અહીં ગ્રહણ થાય પણ લાંબો સમય યાદ રહે નહીં. કેટલાંક અધ્યેતા વિવિધ ઉદાહરણો વચ્ચેની સમાનતા-તફાવત ઓળખીને સામાન્યીકરણની પ્રક્રિયાથી શીખે છે. તેમાં અર્થપૂર્ણ-ગ્રહણશીલ અધ્યયન થાય છે. કેટલાંક અધ્યેતા સમસ્યાને જાતે ઉકેલીને શીખે છે. જેમાં તે સાદી-સરળ શોધ પ્રયુક્તિ કે સઘન શોધ પ્રયુક્તિનો ઉપયોગ કરીને અધ્યયન કરે છે. જેને શોધ અધ્યયન કહે છે.

અભ્યાસ ટેવોને આધારે અધ્યેતાની ઓળખ થાય છે. જેને નીચે વર્ણવવાનો પ્રયાસ છે.

(૧) **ચક્ષુગમ્ય અધ્યેતા** - અધ્યેતા આંખો દ્વારા જોઈને શીખે છે. જેમાં ચિત્રો, ચાર્ટસ, નકશા, આકૃતિઓ, વાતાવરણ, પ્રકૃતિ, સ્થળ વગેરે જોઈને, તે ઉપર વિચારીને પ્રવૃત્તિઓ જોઈને શીખે છે.

(૨) **શ્રવણ ગમ્ય અધ્યેતા** - અધ્યેતા કાનો વડે સાંભળીને શીખે છે. જેમાં તે વિવિધ અવાજ, રાગ, તુકબંદી અને સંગીત જેમાં ગીત, ભજન, ગઝલ, વ્યાખ્યાન, પ્રવચન, નાટક, ફિલ્મના અવાજને સાંભળીને શીખે છે. કેટલાંક એવા અધ્યેતા હોય છે જે ગદ્યને પદ્યમાં ઢાળીને, તેને ગાઈને તેમજ વિષયવસ્તુનું સાઉન્ડ રેકોર્ડિંગ કરીને સાંભળે છે, શીખે છે.

(૩) **તાર્કિક અધ્યેતા** - અધ્યેતા તર્ક, વિચાર અને પ્રવૃત્તિ કરીને, વિષયવસ્તુના ચાર્ટસ, ગ્રાફ બનાવીને, વિષયવસ્તુને પાત્ર, પ્રસંગ, સંબંધ સાથે જોડીને શીખે છે.

(૪) **આંશિક અધ્યેતા** - અધ્યેતા પોતાના શરીરના અંગોને અધ્યયન દરમિયાન સ્પર્શીને શીખે છે. તે ચાલતાં ચાલતાં, ડ્રાઈવીંગ કરતાં કરતાં, તરતાં તરતાં કે બીજી કોઈ પ્રવૃત્તિ દરમિયાન સાંભળીને કે શરીરનાં અંગોનાં હલન-ચલન દ્વારા એક્શન કરીને શીખે છે, રોલ-પ્લે, નાટક, એકાંકી વગેરેમાં ભાગ લઈને તેમજ કદ, રંગ, સ્વાદ, સુગંધ વગેરેને અનુભવીને અર્થ નિપજાવે કે ઓળખ કરીને શીખે છે.

(૫) **એકાંકી અધ્યેતા** - અધ્યેતા એકાંતમાં, એકલા રહીને અભ્યાસ કરે, વાંચન-ગાન કરીને, વિષયવસ્તુને મૂલ્ય સાથે જોડીને,

વ્યક્તિગત રસ લઈને, એક્ટિંગ કરીને, પોતે પોતાના દ્વારા પ્રદર્શિત થઈને શીખે છે.

(૬) **સામૂહિક અધ્યેતા** - અધ્યેતા સમૂહમાં રહીને, મિત્રો સાથે જોડાઈને, સમૂહમાં ચર્ચા કરીને, ક્વીઝમાં ભાગ લઈને, વિષયવસ્તુને સમૂહ સામે રજૂ કરીને, કાલ્પનિક સમૂહ આગળ ભણાવવાનો, બોલવાનો, ચર્ચા કરવાનો, મોટેથી બોલીને, બીજા સાથે વાતો કરીને શીખે છે.

(૭) **શાબ્દિક અધ્યેતા - અધ્યેતા શબ્દોના** સમાનાર્થી, વિરુદ્ધાર્થી, શબ્દસમૂહના એક શબ્દનો ઉપયોગ કરીને વિષયવસ્તુને ઢાળે છે. શબ્દ પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને, વિષયવસ્તુને વાર્તા, ગીત, નાટકના રૂપમાં ઢાળીને શીખે છે. તે બીજા સાથે ચર્ચા પણ કરે છે.

(૮) **અનુકરણીય અધ્યેતા** - અધ્યેતા અન્યનું અનુકરણ કરીને, નિરીક્ષણ અવલોકનો દ્વારા અનુકરણ કરીને, અન્યના વર્તનો, હાવ-ભાવ, સુખદ - દુઃખદ પરિસ્થિતિ, કૌશલો તેમજ પ્રયોગો, પ્રવૃત્તિઓનું અવલોકન કરીને યોગ્ય લાગે તેનું અનુકરણ કરીને શીખે છે.

(૯) **આંતરક્રિયાશીલ અધ્યેતા** - અધ્યેતા આસપાસના પર્યાવરણ સાથે આંતરક્રિયા કરીને શીખે છે. વિવિધ વસ્તુઓની રચનાને, શરીર રચનાને, કુદરતી ઘટનાઓના અવલોકનો કરીને, તેની સાથે આંતરક્રિયા કરીને શીખે છે.

(૧૦) **વિચારક અધ્યેતા** - અધ્યેતા ગણન, લેખન, અર્થગ્રહણ, ભેદપરખ, અલગીકરણ કરે છે. આ સઘળાં માટે વિચારવું પડે છે. અધ્યેતા સામાન્યીકરણ કરીને, ઉદાહરણો આપીને, સમાનતા કે ભિન્નતા નક્કી કરીને શીખે છે. આમ જે વિચારે તે વિચારક અધ્યેતા.

આમ વિવિધ અભ્યાસટેવ દ્વારા અધ્યેતા સારું અધ્યયન કરી શકે છે. અધ્યયન કરનારે અધ્યેતાની અભ્યાસટેવને પારખીને અધ્યયન કરવું જોઈએ.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૧૩ થી ચાલુ)**

એક સિદ્ધ ચિત્રકારમાં વસતા સવાઇ શિક્ષકને વંદન કરીને એમની વિદાય લીધી. સડક પર સાથી-અધ્યાપક મિત્રો પાસે બોલી જવાયું; ''એમના હાથે પીંછી, ચૉક ને પેન ત્રણેય પકડી જાણ્યા!''

પછીથી પોરબંદરના વયોવૃદ્ધ સાક્ષર શ્રી મણિભાઈ વોરાને મળવા ગયો. એમણે પોતાના સન્મિત્ર દેવજીભાઇ વાજા વિશે રચેલી કવિતા વાંચવાથી તો ખૂબ આનંદ થયો. આ રહી તે રચના :

''કલાકાર કવિ ગુરુ દેવનાં
રેખા કાવ્યના મણકે.
ચિંતન, દર્શન દેવ ઋષિનાં
ચિત્ર, ગીતમાં મણકે.
ધન્ય પળે, યોગી હૃદયે,
ઉન્નત ઊર્મિ ઊઠે!
અનાયાસ સિદ્ધિ સાધકના
હસ્તકંઠ પર ત્રૂઠે!

# કોલાર (સોનાની ખાણ)

- કાકાસાહેબ કાલેલકર

સંન્યાસીઓને માટે કહેવામાં આવ્યું છે કે એમણે સોના-ચાંદીને સ્પર્શ સરખો પણ ન કરવો જોઈએ. સ્વામી દયાનંદ સરસ્વતીના કમંડલને ચાંદીની નાનકડી ભૂંગળી હતી એટલા પરથી સનાતનીઓએ એમના વિશે કેટલુંયે લખ્યું છે! કાન્તા અને કનક એ કળિયુગની મૂડી છે, અધઃપાતનાં સાધનો છે એમ જ્યાં ત્યાં ગવાયું છે. સ્ત્રી એ જ પાપનું મૂળ છે. કનકમાંથી જ લોભ પેદા થાય છે એમ પણ ઘણા લોકોએ પ્રામાણિકપણે નોંધી રાખ્યું છે. પણ મને એ દૃષ્ટિ કોઈ કાળે સાચી નથી લાગી. એક જણે પક્ષપાત ટાળવા ખાતર કહ્યું કે કાન્ત કે કાન્તા બંને પાપનાં સાધન છે - પુરુષ અને સ્ત્રી બંને અધઃપાતનાં બીજ છે. કૅથલિક સાધુઓએ કહ્યું કે આપણો જન્મ જ પાપમાંથી છે, એટલે આ દુનિયામાંથી બચી જવું, આબાદ રીતે નીકળી જવું, એ જ જીવનનું સાર્થક્ય છે. જ્યારે સ્વામી વિવેકાનંદે કહ્યું, 'સ્ત્રી પાપનું મૂળ નથી, પણ મનના વિકારો જ પાપનું મૂળ છે; એ વિકારો ટાળતાં આવડવું જોઈએ.

લોકોમાં ધનનો લોભ જોઈ અને એ લોભને કારણે લોકોને પોતાનું જીવન નિઃસત્ત્વ અને નીરસ કરતા જોઈ હું અકળાયો છું, છતાં સોના પ્રત્યે અણગમો મનમાં કોઈ કાળે ન હતો. નાનપણમાં મેં કેટલાંય ઘરેણાં વાપર્યાં છે, પણ એમની શોભા તરફ જ હું જોતો. સોનાની સુંવાળપ, એનો રંગ, એનો સૌમ્ય ચળકાટ બધું મને ગમતું; પણ અમુક ચીજ આટલી કિંમતની છે અને હું એનો માલિક છું એવો ભાવ મારામાં સવાર થતો જ નહીં. ચકમકના પાસાદાર પથરા અને હીરામાણેક મારે મન સરખા જ આકર્ષક હતા, આજે પણ એમ જ છે. મફતનાં મળનાર ફૂલોની મારી પાસે જેટલી કદર હતી તેથી હીરામાણેકની વધારે નહીં જ.

હીરાની વીંટી પહેરવાની ઇચ્છા નાનપણમાં ઘણી હતી, પણ તે કોઈ કાળે તૃપ્ત ન થઈ. પછી જ્યારે આકાશના તારાઓ સાથે દોસ્તી થઈ ત્યારે તૃપ્તિ થઈ કે આપણી પાસે આટલા બધા હીરાઓ છે. એ હીરા સાચવવાયે નથી પડતા અને કોઈ છીનવી પણ નથી લેતા. રાત પડી કે તગમગ તગમગ આવ્યા જ છે. એ જોયા પછી હીરાની વીંટી પહેરવાની ઈચ્છા ધીમે ધીમે મોળી પડી અને અંતે સવારના તારાની પેઠે અલોપ થઈ. ઉષાના રંગો અને ફૂલોના રંગો ધરાઈને જોયા પછી રંગીન કપડાં પ્રત્યેનું આકર્ષણ કોણ જાણે ક્યાં જતું રહ્યું. આજે જ્યારે બીજાઓ રંગીન કપડાં પહેરે છે ત્યારે હું એમના તરફ ફૂલોની નજરે જોઈને ખુશ થાઉં છું અને કંઈક કૃતજ્ઞતા પણ અનુભવું છું કે એમણે મારે માટે સરસ દૃશ્ય રજૂ કર્યું. પણ હું રંગીન કપડાં પહેરીને બીજાઓ માટે પ્રદર્શન

બનું એવી ઈચ્છા તો થતી જ નથી. આપણે અભદ્ર ન દેખાઈએ અને ખાસ આકર્ષક પણ ન બનીએ એટલે લોકોનું ઓછામાં ઓછું ધ્યાન ખેંચીશું અને કેવળ માણસ રહી જઈશું એમ જ હંમેશાં લાગ્યા કરે છે.

સોનું છે જ સુ-વર્ણ. ચાંદી કરતાં વર્ણે સૌમ્ય, ચળકાટમાં ઓછું આંજી નાખનારું, રણકારમાં વધારે સાત્વિક. કોઈ પણ સોનીને પૂછો, સોનું એટલું તો સૌમ્ય અને કહ્યાગરું હોય છે કે એમાંથી જાત જાતના અલંકાર બનાવતાં એનો ઉત્સાહ ખૂટતો જ નથી. સોનાને જો કીમતી ચીજ ન બનાવી હોત, સોનાના સિક્કાઓ બનાવીને એને જો મૂલ્યસંગ્રહનું સાધન ન બનાવ્યું હોત તો સોનાના આટલા બેહાલ ન થયા હોત. સોનું સડતું નથી, બગડતું નથી, થોડી જગ્યા રોકે છે. સામાન્ય તેજાબની અસરમાં પણ આવતું નથી વગેરે વગેરે. એના જે સદ્‌ગુણો છે તે જ એને માટે મારક નીવડ્યા છે. લોભી માણસે પોતાના લોભનું એને પ્રતિક બનાવ્યું. હું સોનું હોત તો આત્મહત્યા કરી ભગવાન પાસે જઈ કહેત કે ''મારો કોઈ એક ગુણ ઓછો કરો, ઉષાની પેઠે મને ક્ષણજીવી બનાવો, કપૂરની પેઠે ઊડી જનાર બનાવો, સાકરની પેઠે ઓગળી જનાર બનાવો, તારાઓની પેઠે અગ્રાહ્ય બનાવો, પણ માણસના હાથમાંથી મને છોડાવો. સત્યયુગની સુવાસ ક્યાં ગઈ ? શા માટે મને કલિયુગનું પ્રતીક બનાવી મૂક્યું છે? મને જોઈને માણસની નજર બગડે છે. એની મતિ બગડે છે. ભાઈ ભાઈઓ મારે માટે આપસમાં લડવા માંડે છે; મને જોઈને એમની સ્થિરતા નાશ પામે છે. મારે નામે રાષ્ટ્રો આપસમાં યુદ્ધ કરે છે, સમૃદ્ધિ છતાં દેશમાં દુકાળ પડે છે, સામાજિક પ્રતિષ્ઠા ચારિત્ર્ય ઉપર નિર્ભર હોવી જોઈએ ત્યાં મને જે ગુલામ કરી રાખે તે સહુથી મોટો એમ લોકો બોલવા માંડે છે. મેં શો ગુનો કર્યો છે, પ્રભો, કે મારી ભલાઈ જ મારી વેરણ થઈ છે!''

સોનાના કિરીટ કુંડળધારી હિરણ્યમયવપુ ભગવાન જવાબ શો આપે? એટલે સોનું ધરતીમાતા પાસે જઈ બોલ્યું, 'ભગવતિ વસુંધરે, દેહિ મે વિવરમ્.' માતાએ પોતાનાં બાળકોને પોતાના હૈયામાં સ્થાન નથી આપ્યું એવું કોઈ કાળે બન્યું છે? સોનાએ વિવરમાં પ્રવેશ કર્યો ત્યારથી લોભી માણસે પૃથ્વીના પેટમાં વિવરો ખોદી ખોદીને ત્યાંથી સોનું બહાર કાઢવાનો પ્રયાસ આદર્યો છે. એને કહે છે સોનાની ખાણ. એ અમે જોઈ આવ્યા એટલે માણસપ્રાણી કેવું છે એ સમજી શક્યાં. પોતાને ઓળખવો એ જ સૌથી મોટી સાધના છે ને?

❀ ❀ ❀

પ્રયત્ન તો આનંદશુદ્ધિનો થવો જોઈએ, આનંદપ્રાપ્તિનો નહીં!

ઉત્તરોત્તર આનંદ શુદ્ધ થતો જાય. આનંદશુદ્ધિની પ્રક્રિયાને અધ્યાત્મ કહે છે.

**-વિનોબા ભાવે**

❀ ❀ ❀

# શ્રીમાન જીમ કોર્બેટનું ભારત

## પ્રકરણ-૫ બુદ્ધુ

- રાજેન્દ્ર દવે

(આ વૃત્તાંત લેખક જ્યારે બિહારના મોકામા ઘાટ પર રેલવેમાં ફરજ બજાવતા હતા તે સમયનું છે.)

બુદ્ધુ દલિત વર્ગનો હતો. મારા એની સાથેના વર્ષોના વ્યવહારમાં મેં ક્યારે પણ એને સ્મિત કરતા નથી જોયો. અતિશય કઠિન જિંદગીએ એના હૃદયને પાષાણ સમું બનાવી દીધું હતું. ઊંચો, સુકલકડી બુદ્ધુ પોતાની પત્ની અને બે નાના બાળકોને લઈ મારી પાસે કામ માગવા આવ્યો ત્યારે પાંત્રીસ-છત્રીસ વર્ષનો હતો. એની વિનંતી મુજબ મેં એને બ્રોડગેજ વેગનમાંથી કોલસો ઉતારી મીટરગેજ વેગનમાં ભરવાના કામ પર મૂક્યો. આ કામમાં સ્ત્રી-પુરુષ સાથે કામ કરી શકતા હતા અને બુદ્ધુ પોતાની પત્નીને સાથે રાખવા માગતો હતો.

બ્રોડગેજ અને મીટરગેજ વેગન એક ચાર ફૂટ પહોળા, ઢાળ વાળા પ્લેટફોર્મની બે બાજુ ઊભા રાખવામાં આવતા. બે વેગન વચ્ચે કોલસો અડધો ઘસડીને અને અડધો છાબડીમાં ભરી લઇ જવામાં આવતો. કામ અસહ્ય રીતે કઠણ હતું. પ્લેટફોર્મ પર કોઇ છાપરું ન હતું. શિયાળામાં મજૂરોને કડકડતી ઠંડી અને ઘણી વખત વરસતા વરસાદમાં દિવસો સુધી કામ કરવું પડતું. તો ઉનાળામાં ઈંટનું પ્લેટફોર્મ અને વેગનની લોખંડની ફર્શ તેમના ઉઘાડા પગ પર ફોલ્લા પાડી દેતા. પોતાના અને પોતાના બાળકો માટે મજૂરી કરતા કોઇ પણ શિખાઉ મજૂર માટે પાવડો એક ક્રૂર ઓજાર છે. પહેલા દિવસે હાથના પંજા છોલાઇને લાલ થઈ જાય છે અને પીઠની પીડા યાતના ભરી. બીજા દિવસે હાથમાં ફોલ્લા ઊઠે છે અને પીઠની પીડા વધુ કષ્ટદાયક બને છે. ત્રીજા દિવસે ફૂટેલાં ફોલ્લામાં પરુ ભરાય છે અને પીઠને સીધી કરવી મુશ્કેલ બને છે. મારા જાત અનુભવ પરથી હું કહી શકું કે ત્યાર પછીના દસેક દિવસ માટે તો માત્ર હામથી છલોછલ ભરેલું હૈયું જ આવા પીડિતને કામ પર ટકાવી શકે.

બુદ્ધુ અને તેની પત્ની ઉપરના દરેક તબક્કામાંથી પસાર થયા. ઘણી વખત જ્યારે હું એમને સોળ કલાકની કાળી મજૂરી પછી પોતાની જાતને મહા મુસીબતે ઘસડીને ઘર તરફ લઈ જતા જોતો ત્યારે મને કહેવાની ઈચ્છા થતી કે તેઓ પૂરતી પીડા સહન કરી ચૂક્યા છે અને હવે એમને થોડી ઓછી મહેનત માગી લે એવું કામ શોધી લેવું જોઈએ. પરંતુ તેઓ સારું કમાઇ લેતાં હતાં, એમના જીવનમાં ક્યારેય કમાય હોય તેથી વધુ (બુદ્ધુના કહેવા મુજબ). તેથી મેં કશું પણ કહેવાનું માંડી વાળ્યું. છેવટે એક દિવસ એવો ઊગ્યો જ્યારે તેઓ કાઠા થઈ ગયેલા, પીડા-મુક્ત હાથ અને પીઠ સાથે જેટલી સ્ફૂર્તિ સાથે કામ પર ગયા હતા, એટલી જ સ્ફૂર્તિ સાથે પાછા ફર્યા.

હંમેશ મુજબ તે ઉનાળે પણ કોલસાનો ભારે ટ્રાફિક હતો અને મારા આશરે બસો માણસો કોલસો સારવાનું કામ કરતાં હતા. અનાજ, ચરસ, ગળી અને ચામડું ભરીને વેગન કલકત્તા

જતા અને કોલસો ભરીને પાછાં ફરતાં. મોકેમા ઘાટ પરથી દર વર્ષે પાંચ લાખ ટન કોલસો પસાર થતો.

એક દિવસ બુદ્ધુ અને તેની પત્ની કામ પર ન આવ્યા. કોલસા-ટુકડીના મુકાદમ ચમારીના કહેવા અનુસાર આગલા દિવસે બુદ્ધુ પર એક પોસ્ટકાર્ડ આવ્યું હતું એ પછી સવારે બુદ્ધુ પોતાના કુટુંબ સાથે ચાલ્યો ગયો હતો. જતા-જતા કહેતો ગયો હતો કે એ જેમ બને તેમ જલ્દી કામ પર પાછો આવી જશે. બે મહિના પછી બુદ્ધુ એના કુટુંબ સાથે એને ફાળવેલી ખોલી પર પાછો ફર્યો. ફરી એક વાર એ અને એની પત્ની પોતાની ટેવ પ્રમાણે મન લગાવી કામ કરવા લાગ્યા. બીજા વર્ષના લગભગ એ જ સમયે બુદ્ધુ, જેનું શરીર હવે થોડું ભરવદાર થયું હતું, અને એની પત્ની જે હવે થોડી ઓછી લઘરવઘર દેખાતી હતી, ફરી કામ છોડી જતાં રહ્યાં. આ વખતે ત્રણ માસ બાદ જ્યારે પાછાં ફર્યા ત્યારે તેઓ નબળાં અને થાકેલાં જણાતાં હતાં.

જ્યાં સુધી મને કોઈ તેની વાત આપમેળે ન કહે, અથવા મારી સલાહ ન માગે, ત્યાં સુધી હું મારા માણસોની અંગત બાબતમાં માથું મારતો નથી. કેમ કે ભારતીય માણસો આ બાબતમાં સંવેદનશીલ હોય છે : તેથી હું જાણતો ન હતો કે બુદ્ધુ શા માટે દર વર્ષે પોસ્ટકાર્ડ મળ્યા બાદ કામ છોડીને જતો રહેતો હતો. મજૂરોની ટપાલ તેમને વહેંચવા માટે જે-તે મુકાદમને આપવામાં આવતી હતી. હવે જ્યારે બુદ્ધુ પર કાર્ડ આવે ત્યારે એને મારી પાસે મોકલવા મેં ચમારીને સૂચના આપી. નવ માસ બાદ જ્યારે કોલસાનું કામ અસાધારણ રીતે ભારે હતું અને દરેક સ્ત્રી-પુરુષ પોતાની પૂરેપૂરી ક્ષમતાથી કામ કરી રહ્યાં હતાં ત્યારે બુદ્ધુ એક પોસ્ટકાર્ડ સાથે મારા કાર્યાલયમાં હાજર થયો. પોસ્ટકાર્ડની લિપી મારા માટે અજાણી હતી, તેથી મેં બુદ્ધુને પોસ્ટકાર્ડ વાંચી સંભળાવવા કહ્યું. પરંતુ એ તો વાંચતા લખતા શીખ્યો જ ન હતો. એને કાગળ ચમારીએ વાંચી સંભળાવ્યો હતો. કાગળ બુદ્ધુના માલિક તરફથી પાકની લણણી માટે તાત્કાલિક પહોંચી જવાનો આદેશ હતો, આ સંદર્ભમાં બુદ્ધુએ મને જે ભારતના લાખો ગરીબ માણસોને લાગુ પડે છે એવી આ કહાણી કરી.

‘મારા દાદા, જે એક ખેત મજૂર હતા, તેમણે ગામના શાહુકાર પાસેથી બે રૂપિયાનું કરજ લીધું. શાહુકારે એક વર્ષના વ્યાજ પેટે એક રૂપિયો પહેલા જ કાપી લીધો અને વહીખાતામાં નોંધ કરી તેના પર મારા દાદાના અંગૂઠાની છાપ લઈ લીધી. મારા દાદા વખતોવખત સગવડ પ્રમાણે થોડાં-ઘણાં પૈસા વ્યાજ રૂપે ચૂકવતા રહ્યા. મારા દાદાના મરણ બાદ કરજ, જે હવે પચાસ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. મારા પિતાના ભાગે આવ્યું. તેમના જીવનકાળમાં કરજ વધીને એક સો પંદર રૂપિયાનું થયું. દરમિયાન મૂળ શાહુકાર મૃત્યુ પામ્યો અને તેના પુત્રએ કારોબાર સંભાળ્યો. મારા પિતાના મૃત્યુ પશ્ચાત શાહુકારના પુત્રએ મને બોલાવ્યો. તેણે મને કહ્યું કે કરજ હવે એટલું બધું વધી ગયું છે કે મારે સ્ટેમ્પ પેપર પર નોંધણી કરાવી પડશે. મેં તે પ્રમાણે કરી આપ્યું. મારી પાસે સ્ટેમ્પ પેપર અને નોંધણીના પૈસા તો હતા નહીં તેથી શાહુકારે તે પૈસા પણ કરજમાં ઉમેરી દીધા. તેથી હવે કરજ એક સો ત્રીસ રૂપિયાનું થયું. શાહુકારે મારા પર ખાસ ઉપકાર તરીકે વ્યાજનો દર ઘટાડીને પચીસ ટકા કરી આપ્યો, એ

શરત સાથે કે જ્યાં સુધી કરજ પૂરેપૂરું ચૂકતે ન થાય, ત્યાં સુધી મારે અને મારી પત્નીએ દર વર્ષે શાહુકારને તેના પાકની લણણીમાં વગર વેતને મદદ કરવી. આ બાબતનો કરાર એક અલગ કાગળ પર લખી મારા અંગૂઠાની છાપ લઈ લીધી. છેલ્લા દસ વર્ષથી મારી પત્ની અને હું શાહુકારને તેના પાકની લણણીમાં મદદ કરતા આવ્યા છીએ. દર વર્ષે શાહુકાર કરજનો હિસાબ મૂળ સ્ટેમ્પ પેપરની પાછળ લખી મારા અંગૂઠાની છાપ લઇ લે છે. મને તો એ પણ નથી ખબર કે મારા ભાગે આવ્યા પછી કરજ કેટલું વધી ગયું છે. ઘણા વર્ષો સુધી તો હું કરજ સામે કશું ચૂકવી શક્યો ન હતો. આપની નોકરીમાં આવ્યા પછી મેં પાંચ, સાત અને તેર એમ કુલ મળી પચીસ રૂપિયા ચૂકવ્યા છે.'

બુદ્ધુએ પોતાના ઉપરનું ઋણ નકારવાનું તો સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યું. એના માટે ઋણ નકારવું અકલ્પનીય હતું; તેવું કરવાથી માત્ર તેનું પોતાનું મોં કાળું ન થાય, એના પિતા અને દાદા પણ બેઆબરૂ થાય. તેથી તે ઋણ પૂરેપૂરું ઉતારી શકવાની કોઈ આશા વિના રોકડ તેમજ મજૂરીની ચુકવણી કરતો રહ્યો; એના મૃત્યુ બાદ આ જવાબદારી એના મોટા પુત્ર પર આવવાની હતી.

મેં બુદ્ધુ પાસેથી એના ગામમાં રહેતા એક વકીલનું નામ સરનામું જાણી લઈ, આ આખી બાબત મારા પર છોડી કામ પર પાછા જવા કહ્યું. ત્યાર બાદ તે નિર્ભીક બ્રાહ્મણ વકીલ સાથે મારો લાંબો પત્રવ્યવહાર ચાલ્યો. એક વાર શાહુકારે તેને પારકી પંચાતમાં નહીં પડવાનું કહી તેનું અપમાન કર્યું અને પોતાના ઘરની બહાર નીકળી જવાનું કહ્યું. પછી તો વકીલ મારો મજબૂત સાથી બની ગયો. વકીલના કહેવા મુજબ શાહુકારને વારસામાં મળેલા વહી-ખાતાની કાયદાકીય પુરાવા તરીકે કોઈ કિંમત ન હતી, કેમ કે તેના પર જેના અંગૂઠાની છાપ હતી તે માણસ તો વર્ષો પહેલા મૃત્યુ પામ્યો હતો. પરંતુ શાહુકારે બુદ્ધુને ભોળવીને તેની પાસેથી એક દસ્તાવેજ લખાવી લીધો હતો. જેમાં સ્પષ્ટ લખ્યું હતું કે બુદ્ધુએ શાહુકાર પાસેથી એક સો પચાસ રૂપિયા વર્ષે પચીસ ટકાના વ્યાજ દરે ઉધાર લીધા હતા. વકીલે મને આ દસ્તાવેજ વિષે તકરાર ન કરવાની સલાહ આપી. દસ્તાવેજ કાયદેસર હતો એટલું જ નહીં, બુદ્ધુએ પોતે વ્યાજના ત્રણ હપ્તા ચૂકવીને, અને તે બાબતની નોંધ પર પોતાના અંગૂઠાની છાપ લગાવી આપીને દસ્તાવેજની કાયદેસરતાનો સ્વીકાર કર્યો હતો. મેં જ્યારે કરજની બાકી નીકળતી પૂરી રકમ વકીલ મારફત મોકલી આપી ત્યારે શાહુકારે દસ્તાવેજ તો સોંપી દીધો, પણ બુદ્ધુ અને તેની પત્નીને વિના વેતને શાહુકારના પાકની લણણીનું કામ કરવા બાધ્ય કરતો કરાર સોંપવાની ધરાર ના પાડી. છેવટે, મેં વકીલની સલાહ અનુસાર ગેરવસુલીનો દાવો કરવાની ધમકી આપી ત્યાર પછી જ શાહુકારે તે કરારના કાગળ વકીલને સોંપ્યા.

આ બધી માથકૂટ દરમિયાન બુદ્ધુ ખૂબ જ બેચેન હતો. એ મને કશું કહેતો તો નહીં, પરંતુ હું જોઈ શકતો હતો કે જ્યારે પણ એ મારી સામેથી પસાર થતો ત્યારે એના મનમાં શક્તિશાળી શાહુકારને લગતી બાબત મારા પર છોડી દેવાના નિર્ણયના શાણપણ પર શંકા જણાતી. શાહુકાર અચાનક આવી એની

(અનુસંધાન પૃષ્ઠ ૩૫ ઉપર)

# ગુજરાતી વિષયમાં કાવ્યનું શિક્ષણ

- પાલખીવાલા અમિતા મનુભાઈ

પ્રત્યેક ભાષાને પોતાનો આગવો સ્વાદ હોય છે. શબ્દને પોતાનું આગવું વ્યક્તિત્વ હોય છે. એ વ્યક્તિત્વ પાછળ પ્રજા અને ભાષાની પ્રગટ-અપ્રગટ પરંપરા ઊભી હોય છે. જેમ કોઈ પણ રંગની ઝાંય હોય છે, દશ્ય અને અદશ્ય તેજોવર્તુળ હોય છે.

ગુજરાતી વિષયમાં કાવ્યનું શિક્ષણ. કાવ્ય એટલે કવિતા, ગીત, પદ્ય. તો સૌ પ્રથમ પ્રશ્ન એ છે કે કાવ્ય એટલે શું? કવિતા એટલે શું? તો કવિતા એક કલાત્મક માધ્યમ છે, કલ્પનાને સમૃદ્ધ કરવાનું, આત્માને પોષણ આપવાનું, પ્રેમ વિકસાવવાનું, સંવેદનશીલ બનવાનું અને વિચારો અને લાગણીઓથી પ્રભાવિત થવાનું.

શિક્ષણમાં કવિતા એટલે શિક્ષણ અને શીખવાની પ્રક્રિયા તરીકે કવિતાઓ અને કાવ્યાત્મક ટેકનિકનો ઉપયોગ શિક્ષણમાં કવિતા તરીકે ઓળખાય છે. શબ્દનો નાદ, ધ્વનિ, ભાવ, છટાઓ, વાક્યનો લય, આરોહ-અવરોહ, શબ્દોની વિશિષ્ટ ગોઠવણી - એ બધાના સહયોગથી જે અર્થ અને ભાવપિંડ બંધાય છે તે કવિતા છે.

વિદ્યાર્થીઓની ભાષા, સર્જનાત્મકતા અને વિવેચનાત્મક વિચારસરણી સુધારવા માટે અભ્યાસક્રમમાં કવિતાનો સમાવેશ કરવાનો થાય છે. જ્યારે ગુજરાતી વિષયમાં કાવ્યનું શિક્ષણ વિષય ઘણો ગહન છે. અને આ વિષય પર સહચિંતન અને સવિશેષ સહચિન્તા કરવાનો પણ સમય છે. ગુજરાતી વિષયમાં કાવ્ય દ્વારા શિક્ષણ આપી શકાય કે કેમ? આપવું જોઈએ કે કેમ? કેવી રીતે આપવું જોઈએ? કઈ કાવ્યકૃતિઓ દ્વારા આપવું જોઈએ? શા માટે આપવું જોઈએ? એવા અનેક પ્રશ્નો એક સાથે આપોઆપ ઉદ્ભવે છે. તેમાં મુખ્ય પ્રશ્ન છે ગુજરાતી વિષયમાં કાવ્યનું શિક્ષણ. આપણે જાણીએ છીએ કે વિજ્ઞાન, વાણિજયની વિદ્યાશાખાઓમાં વિવિધ વિષયોનું શિક્ષણ આપી શકાય પણ કાવ્ય દ્વારા શિક્ષણ તો ભાષાઓમાં જ સંભવી શકે. દરેક જાણીતી ભાષામાં કવિતા અસ્તિત્વ ધરાવે છે. કારણ કે કવિતા એક કલાત્મક માધ્યમ છે. તેનો હેતુ આનંદ માણવાનો છે. કવિતા, કલા અને જ્ઞાન વચ્ચે જોડાણ બનાવે છે. કવિતા એ વિશિષ્ટ જ્ઞાન છે, વિશેષ જ્ઞાન છે. કવિતામાં જે જ્ઞાન છે તે અન્ય ક્યાંય નથી. એટલે જ્ઞાન માટે, વિશિષ્ટ જ્ઞાન માટે કવિતા જરૂરી છે.

ઈતિહાસ ઉપર એક દૃષ્ટિપાત કરીએ તો પ્રાચીન યુગમાં ચીનમાં કવિતાની અસંખ્ય પ્રતો રાજયના ગ્રંથભંડારમાં અને સરકારી દસ્તાવેજોની સાથે સાચવવામાં આવી હતી અને કન્ફ્યુશિયસના સમય સુધી સચવાયેલી એ કવિતાઓમાંથી કન્ફ્યૂશિયસે પોતાની પસંદગીના ૩૦૫ કાવ્યોનો 'શીહચિન્ગ' નામે તૈયાર કરેલો ગ્રંથ આજે જગતનો એક મહાન જગપ્રસિદ્ધ કવિતાઓનો સંચય છે. પ્રાચીન

અને અર્વાચીન સમયમાં ગ્રીસ, ઈજિપ્ત, યુરોપ, ઇંગ્લેન્ડ, અમેરિકા આ બધા દેશોમાં પણ સ્વભાષાની કવિતાનું શિક્ષણ આપવાનો આરંભ થયો હતો. ભારત પણ તેમાં અપવાદરૂપ નથી.

પ્રાચીન ભારતમાં સંસ્કૃતની કવિતાનું શિક્ષણ આપવામાં આવતું હતું. વેદ-ઉપનિષદમાં ધર્મ અંતર્ગત કવિતાનું શિક્ષણ બ્રહ્મજ્ઞાન માટે આપવામાં આવતું હતું. જો કે મહર્ષિ વાલ્મિકી, વ્યાસ કે કાલિદાસે તેને કવિતા નથી ગણાવી પણ ધર્મ અવિભાજ્ય અંગરૂપ કવિતા કહી છે. મધ્યકાલીન યુગથી અર્વાચીન યુગ સુધી અનેક ભાષાઓ હતી. છતાં શિષ્ટ ભાષા સંસ્કૃતની કવિતાનું જ શિક્ષણ આપવામાં આવતું હતું. પરંતુ કલાને બાકાત રાખીને કોઈપણ શાળા શિક્ષણના કાર્યમાં સામેલ થઈ શકતી નથી. એટલે ભારતમાં ૨૨ અધિકારીક (official) ભાષાઓમાં સ્વભાષામાં કાવ્યનું મહત્ત્વ સમજીને સ્વભાષાની કવિતાનું શિક્ષણ આપવામાં આવે છે. એમાં ગુજરાતી ભાષા કે ગુજરાતી વિષય પણ અપવાદરૂપ નથી. આજે પણ કવિતા તો પ્રજાજીવનમાં મૂલ્યવાન અને અર્થપૂર્ણ છે જ.

કવિતા એ વિદ્યાર્થીઓને વાતચીત કરવા, વિચારવા અને અનુભવવા માટે પ્રેરે છે. શીખવાની પ્રક્રિયાને વધુ રસપ્રદ અને યાદ રાખવા યોગ્ય બનાવીને તેનો ઉપયોગ, શબ્દ ભંડોળ, વ્યાકરણ, સાહિત્ય તેમજ સામાજિક અને ઈતિહાસ અભ્યાસ ક્ષેત્રે વિદ્યાર્થીઓને વિચારવાની પ્રેરણા આપે છે.

કવિતા દ્વારા વિદ્યાર્થીઓને નવા શબ્દો, અભિવ્યક્તિઓ, શબ્દસમૂહો વગેરેથી જ્ઞાન મળે છે, જે શબ્દભંડોળ મજબૂત કરી તેમના કૌશલ્યમાં વધારો કરે છે. તેમનો આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરે છે. તેમજ કલ્પનાશીલ વિચારને ઉત્તેજીત કરે છે.

કવિતા મૌલિક છે, બૌદ્ધિક છે. તેથી વિદ્યાર્થીઓની કલ્પનાને સમૃદ્ધ બનાવે છે. લાગણીઓ વ્યક્ત કરવા મજબૂર કરે છે. જે તેમના નિબંધ લેખન, વર્ણન જેવા સર્જનાત્મક લેખોને પ્રોત્સાહન આપે છે. કવિતાઓમાં સંવેદના, કલ્પના હોય છે. લાગણીઓ, અનુભવો અને દૃષ્ટિકોણ હોય છે. તેથી તેમની ભાવનાત્મક બુદ્ધિ વિકસે છે. કવિતા વાંચવાથી આત્મ જાગૃતિ, ભાવનાત્મક અભિવ્યક્તિ અને નિયંત્રણ વધે છે. કાવ્યનું શિક્ષણ આત્માને પોષણ આપે છે. જે તણાવ દૂર કરવા અને ચિંતન કરવા પ્રેરે છે.

આથી જ કહેવાય છે કે, તણાવ, આઘાત અને દુઃખના સમયગાળા દરમિયાન કાવ્ય રચના, કાવ્ય વાચન અને કાવ્ય ગાન 'vacclne for the soul.' નું કામ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો કવિતા સ્વ-ઉપચારના સૌથી શક્તિશાળી સ્વરૂપોમાંનુ એક છે. વળી, એપ્રિલ મહિનો એ રાષ્ટ્રીય કવિતા મહિનો છે. તો સ્વાભાવિક રીતે કવિતાની અપાર શક્તિઓનું અન્વેષણ કરવાનો પણ ઉત્તમ સમય છે. કાવ્ય ગાન, કાવ્ય લેખન, વાચન વગેરે દ્વારા વ્યક્તિ પોતાની લાગણીઓને મુક્ત રીતે બહાર કાઢીને શાંત થઈ શકે છે. વિશ્વ યુદ્ધો અને અમેરિકન ગૃહયુદ્ધ બંને દરમિયાન કવિતાના શક્તિશાળી ઉપચાર ગુણોનું થયેલું દસ્તાવેજીકરણ તેનું ઉત્તમ ઉદાહરણ છે. સૈનિકોને યુદ્ધની ક્રૂરતા અને આઘાતનો સામનો

કરવામાં મદદ કરવા માટે કવિતાઓ વાંચવામાં આવતી હતી. ડૉક્ટરો પણ તેમના દર્દીઓ માટે કવિતાઓ લખતા હતા અને તેમની સાથે ભાવનાત્મક રીતે જોડાતા હતા.

ભાષામાં સરળ, નૈતિક તથા ભાવનાત્મક મૂલ્યોથી ભરપૂર કવિતાની શ્રેષ્ઠતાને જાણીને જ ૧૯૯૯માં પેરિસમાં યોજાયેલી ૩૦મી જનરલ કોન્ફરન્સમાં યુનેસ્કો (યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) દ્વારા ૨૧મી માર્ચના દિવસને વિશ્વ કવિતા દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. વિશ્વના દેશો ઑક્ટોબર, નવેમ્બર જેવા માસમાં પણ પોતાના દેશના મહાન કવિઓના જન્મદિવસ અનુસાર કવિતા દિવસ, કવિતા મહિનો ઉજવે છે. કવિઓ, પુસ્તક વિક્રેતાઓ, ગ્રંથપાલો અને શિક્ષકો સાથેની ઉચ્ચત્તમ સ્તરની ભાગીદારી સાથે કવિતા મહિનો ઉજવી શકાય તે માટે અમેરિકાની જેમ ભારતે પણ રાષ્ટ્રીય કવિતા મહિના માટે એપ્રિલ મહિનો પસંદ કર્યો. ભાષામાં કવિતાના આગવા મૂલ્યને ધ્યાનમાં રાખીને યુનેસ્કોએ વિશ્વ કવિતા દિવસ ૨૦૨૫: ''શાંતિ અને સમાવેશ માટે સેતુ તરીકે કવિતા'', ("Poetry as a Bridge for Peace and Inclusion") વિવિધ સમુદાયો, સંસ્કૃતિઓ અને દેશોના લોકોને જોડવાની, પરસ્પર આદર અને એકતાને પ્રોત્સાહન આપવાની, કવિતાની ક્ષમતા પર ભાર મૂકીને આ થીમ જાહેર કરી.

આ તમામ વસ્તુને ધ્યાને લેતા 'ગુજરાતી વિષયમાં કાવ્યનું શિક્ષણ'ને આપણે સમજીએ તો વિદ્યાર્થીઓ માટે કવિતા એ લાગણીઓનો ખૂબ સારો અને સ્વસ્થ સ્રોત છે. કવિતા તો ઊર્મિનું અને કલ્પનાનું સર્જન છે. આથી જ ભલે જ્ઞાન માટે કવિતા આપવામાં ના આવે પરંતુ રસ અને સૌંદર્ય માટે તો કવિતાનું શિક્ષણ આપવાનું ખૂબ જ જરૂરી છે.

જો બાળકોની વાત કરીએ તો બાળકોની જ્ઞાનેન્દ્રિયો જ્યારથી શરૂ થાય ત્યારથી તેનામાં કૌતુક ભાવ ઉભરાવા લાગે છે. કોઈપણ દશ્ય, અવાજ, આકૃતિ, રંગ તેની સમગ્ર ચેતનાને ઝણઝણાવી શકે છે. ઉંમર વધવાની સાથે તેના કુતુહલના ક્ષેત્રો બદલાવા લાગે છે. ત્યારે કાવ્યો તેમની ઇન્દ્રિયોને આકર્ષે છે અને પ્રેરે છે. કાવ્યો દ્વારા તેમને ભાષાનો નવો અર્થ મળે છે, પ્રકૃતિ પ્રત્યે પ્રેમ, માણસાઈ વગેરે માટે પ્રોત્સાહન મળે છે. બાળકાવ્યોમાં બાળકના જીવનમાં પ્રકૃતિ તથા માનવીય સંબંધોની નિર્વ્યાજ આનંદપૂર્ણ દુનિયા સાથેનો સંબંધ જીવંત અને સંગીતમય બનાવવામાં મોટો ફાળો આપી શકે છે. નંબર કે કક્કો-બારક્ષરીને કાવ્ય દ્વારા શીખવવાથી બાળકોને રમૂજ સાથે ઝડપથી શીખવી શકાય છે. દા.ત.

'એકડો' સાવ સળેકડો ને
'બગડો' દિલે તગડો
'તગડો' તાલી પાડે ને નાચે તા થા થૈ...

કે

'ક' બહુ લીસ્સો હતો, લપસી પડ્યો...
'ખ'ના પગમાં ખોડ, તે મોડો પડ્યો...
'ગ'ના બે કટકા છતાં સાથે રહ્યાં...

કેટલાંક કવિઓની રચનાને ઉદાહરણ સ્વરૂપે જોઈએ તો,

ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ કવિ નર્મદની જાણીતી કૃતિ,

'સહુ ચાલો જીતવા જંગ, બ્યૂગલો વાગે,
યા હોમ કરીને પડો, ફતેહ છે આગે,

ગુજરાતની અસ્મિતા અને દેશભક્તિના પ્રતિક તરીકે ઓળખાતું આ ગીત શું વિદ્યાર્થીઓમાં એકતા, સાહસ અને રાષ્ટ્રપ્રેમની ભાવના નહીં જગાવી દે?

ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરનારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું શિવાજીનું હાલરડું - આ ગીત વિદ્યાર્થીઓને વીરતા અને દેશભક્તિના પાઠ શીખવશે. જ્યારે બલિદાનની ભાવના જાગૃત કરતું અને માતૃભૂમિ માટે સર્વસ્વ ન્યૌચ્છાવર કરવાની પ્રેરણા આપતું ગીત 'કસુંબીનો રંગ' વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ જગાડ્યા વિના રહે? કવિશ્રી મેઘાણીની જ એક રચના, 'અમારે ઘર હતાં, વહાલાં હતાં, ભાંડુ હતાં ને પિતાની છાંય લીલી, ગોદ માતાની હતીયે' ત્યારે એક કવિ, એક ક્રાંતિકારી અને એક કવિતાની ઐતિહાસિક સ્મૃતિ વિદ્યાર્થીઓના માનસપટ પર ઉભરાયા વિના રહે નહીં.

ભારતીય સ્વાતંત્ર્ય સેનાની, ક્રાંતિકારી અને કવિ રામપ્રસાદ બિસ્મિલનું 'હમ ભી આરામ ઊઠા સકતે થે ઘરમેં રહકર' વિદ્યાર્થીઓની સંવેદનાઓને ઝંઝોળ્યા વગર રહે નહીં.

ગુજરાતી સાહિત્યના શિરમોર કવિ 'કલાપી' એ ગુજરાતી કવિતામાં વિપુલ અને ગુણવત્તામાં સર્જન કર્યું છે. પશ્ચાતાપનું અદ્‌ભુત મહત્ત્વ દર્શાવતું કાવ્ય 'હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે.' કે સુંદર વિચારો, વર્તન અને વ્યક્તિત્વના ગુણોનું મહત્ત્વ દર્શાવતું ગીત 'સૌંદર્ય પામતા પહેલાં સૌંદર્ય બનવું પડે' વિદ્યાર્થીઓમાં સકારાત્મક પ્રભાવ જરૂર પેદા કરશે.

પ્રખર ગાંધીવાદી અને ગુજરાતી સાહિત્યમાં અભૂતપૂર્વ યોગદાન આપનાર કવિશ્રી ઈન્દુલાલ ગાંધીની માતાનું બલિદાન અને નિર્વ્યાજ પ્રેમને દર્શાવતું કરુણ ગીત 'આંધળી મા નો કાગળ' - એમાં 'મા'ની વેદના વિદ્યાર્થીઓની આંખમાં આંસુ લાવ્યા વિના નહીં રહે.

ગુજરાતી સાહિત્યના કવિ અને અનુવાદક શ્રી નિરંજન ભગતની 'ચલ મન મુંબઈ નગરી, જોવા પુચ્છ વિનાની મગરી' માં વિદ્યાર્થીઓ જીવનની હાડમારીનો અનુભવ ચોક્કસ કરી શકશે.

'સ્નેહરશ્મિ' ઉપનામથી પ્રસિદ્ધ, ગુજરાતી ભાષાના લેખક અને સ્વાતંત્ર્ય સેનાની શ્રી ઝીણાભાઈ દેસાઈ રચિત 'પરોઢિયે પંખી જાગીને, ગાતા તારા મીઠાં ગાન' એ બાળકોમાં ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા જગાડે, તો કવિ પ્રહલાદ પારેખનું એક નમણું વર્ષાગીત 'પેલો જાય મેહુલો, મનને મારા લઈ ગયેલો!' ગીત વિદ્યાર્થીઓમાં કુતુહલ પ્રેરવા સાથે કાવ્યના લય અને ભાષા પ્રયોજનથી વિદ્યાર્થીઓ જતા મેહુલાની ગતિ અને રીતિ બરાબર જાણી શકશે.

ભક્ત કવિ નરસિંહ મહેતા દ્વારા રચિત ગુજરાતી ભજન ''વૈષ્ણવજન તો તેને રે કહીએ' વિદ્યાર્થીઓમાં નિઃસ્વાર્થ સેવા, સહાનુભૂતિ, સત્ય, સમાનતા અને અહંકાર વિનાનું જીવન જીવવાની પ્રેરણા જરૂર પૂરી પાડશે.

કવિ કાગ રચિત 'તારા આંગણિયા પૂછી કોઈ આવે તો આવકારો મીઠો દેજે હો જી' - સમાજજીવન, લોકભાવના અને તત્ત્વજ્ઞાન એક

**(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)**

# 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' - ઝેન જી માટે રોલ મૉડલ?

- સુદર્શન આયંગર

'સોશિયલ મીડિયા'ના યુગમાં ગાંધીજી ફરી એક વાર શૂળી પર ચઢ્યા છે. અમારી પેઢી જે વયના છઠા કે સાતમા દાયકામાં છે તેઓ અને અમારા પછીની પેઢીઓ ગાંધીની છીછરી ટીકામાં પડી છે. આજે તેઓને એક વ્યક્તિ તરીકે પણ હીન ગણવામાં આવી રહ્યા છે. એવા સમયે 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' વિશે આજની યુવા પેઢીને શું કહેવું? આ વિશે લખતા પહેલાં હું વિચારમાં પડ્યો. સ્માર્ટ ફોન અને એ.આઈ. સાથે ઉછીની બુદ્ધિ અને છલાવામાં ભરાતો જતો ભારતનો યુવા વાંચે છે ખરો? શાળા, કૉલેજ અને નોકરી માટેની પ્રતિયોગિતા પરીક્ષાઓ માટે જરૂરી પુસ્તકો સિવાય કેટલા યુવાનો કેટલું વાંચે છે અને શું વાંચે છે? આપણા દેશમાં પશ્ચિમી દેશોની માફક આવા મુદ્દા નિયમિત સંશોધનના વિષયો ગણાતા નથી. અલબત્ત ૨૦૦૯માં નેશનલ કાઉન્સિલ ઑફ ઍપ્લાઇડ ઇકોનોમિક રિસર્ચ નામક સંસ્થાએ એક રાષ્ટ્રવ્યાપી મોજણી નેશનલ યુથ રીડરશિપ સર્વે નામે કરેલી. એ મોજણીમાં એવું જાણવા મળેલું કે આશરે ૨૫ ટકા યુવા ઇતર વાંચન કરે છે. શહેરોમાં આ ટકાવારી ૩૧ અને ગામોમાં તે ૨૧ ટકા હતી. યુવાઓમાં વાંચવાની પ્રવૃત્તિ સાવ નામશેષ થઈ નથી. ઇતર વાંચનમાં શું વંચાય છે?

યુવાનોને કારકિર્દી માર્ગદર્શન આપતી સંસ્થાઓ ઇતર વાંચન માટે ડેલ કાર્નેગી, સ્ટીફન કોવે, રોબર્ટ કિયોસાકી, નેપોલિયન હિલ, જેમ્સ ક્લિયર, રોબિન શર્મા, શિવ ખેરા, પાઉલો કોએલ્યો અને 'ઇકિગાઇ'ના લેખકોનાં પ્રેરણાદાયી પુસ્તકોની એ જ ક્રમમાં ભલામણ કરે છે. આ દસમામાંથી ડેલ કાર્નેગી, સ્ટીફન કોવે, રોબિન શર્મા અને શિવ ખેરા પોતાના ગ્રંથોમાં ગાંધીજીના વ્યક્તિત્વનો વિશેષ સંદર્ભથી ઉલ્લેખ કરે છે. કાર્નેગી ગાંધીજીને નૈતિક બળના પ્રેરક તરીકે, કોવે સિદ્ધાંત આધારિત નેતૃત્વના પ્રતીક તરીકે, શર્મા સાદગી અને સેવાના આદર્શ તરીકે અને ખેરા તેમને ભારતીય આદર્શ નેતૃત્વ મૉડલ તરીકે રજૂ કરે છે.

ગાંધીજીને ઊંડાણપૂર્વક સમજવા માટે 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' મુખ્ય સ્રોત માનવામાં આવે છે.

વિશ્વના અનેક મહાન નેતાઓની આત્મકથાઓ વાચકોમાં લોકપ્રિય રહી છે, તેથી કોને સૌથી વધુ વાંચવામાં આવે છે મેં તેની તપાસ કરી. આ તપાસ મુજબ ગાંધીજીની આત્મકથા આજે પણ વિશ્વમાં સૌથી વધુ વંચાતી આત્મકથાઓમાં બીજા ક્રમે છે. ૧૯મી અને ૨૦મી શતાબ્દીના વૈશ્વિક નેતાઓને અવસાન બાદ મળેલી શ્રદ્ધાંજલિઓની દૃષ્ટિએ ગાંધીજી પ્રથમ ક્રમે સ્થાન પામે છે. સરવાળે મને થયું કે

આજે પણ યુવાઓને ગાંધીજીની આત્મકથા વાંચવા પ્રેરી શકાય.

**ગાંધીજીની મૂલવણી**

સહજ કુતૂહલ થાય કે મૂળ ગુજરાતીમાં 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'માં એવું શું છે જે આટલા બધા લોકોને વાંચવા પ્રેરે છે. 'આત્મકથા' એ પ્રશંસાત્મક અને સૂક્ષ્મ ટીકાત્મક અભિપ્રાયો મેળવેલા છે. આલ્બર્ટ આઇન્સ્ટાઇને ગાંધીજીની આત્મકથા અને તેમના નૈતિક પ્રયોગો માટે વારંવાર ઊંડી પ્રશંસા વ્યક્ત કરી છે. ટાગોરે કહ્યું, ''કદાચ કોઈ બીજી આત્મકથા એટલી નિષ્ઠાપૂર્વક ખુલ્લી નથી... આ પુસ્તક માનવઆત્મામાં ચાલતા શાશ્વત સંઘર્ષનો સીધો સામનો કરાવે છે.'' જ્યોર્જ ઓરવેલ લખે છે, ''આ આત્મકથા પોતાને વિશે સંપૂર્ણ સત્ય કહેવાનો અસાધારણ રીતે નિખાલસ પ્રયાસ છે... આપણા સમયના અન્ય મહાન રાજકીય નેતાઓની સરખામણીમાં, તેમણે પાછળ કેટલી સ્વચ્છ સુગંધ છોડી છે!'' ઓરવેલે એમ પણ લખ્યું, ''સંતોને હંમેશાં નિર્દોષ સાબિત થાય ત્યાં સુધી દોષી માનવા જોઈએ... ગાંધીજી પ્રત્યે, જેમ મને થાય છે તેમ, એક પ્રકારનો સૌંદર્યલક્ષી અણગમો લાગી શકે છે... તેમનો મધ્યયુગી કાર્યક્રમ અને વ્યક્તિગત આદતો (આહાર, બ્રહ્મચર્ય વગેરે) આધુનિક વિશ્વ સાથે સાચે સુસંગત નથી.'' નહેરુએ લખ્યું, ''આ એક અદ્‌ભુત પુસ્તક છે... જે વાત સૌથી વધુ અસર કરે છે તે તેની સંપૂર્ણ પ્રામાણિકતા અને પોતાની કમજોરીઓ છુપાવવાનો કોઈ પ્રયત્ન ન હોવો છે... આ સ્વીકારોક્તિ પણ છે અને આત્મશુદ્ધિ પણ.'' - લુઈ ફિશરે લખ્યું, ''લૈંગિકતા, ધન અને આંતરિક જીવન વિશે એટલી ખુલ્લી વાત કરતું કોઈ આધુનિક આત્મચરિત્ર નથી... આ એક આધ્યાત્મિક એક્સ-રે છે.'' એરિક એચ. એરિક્સન લખે છે, ''આ આત્મકથા માનવ સ્વ-અવલોકનના ઈતિહાસમાં સૌથી નોંધપાત્ર દસ્તાવેજોમાંથી એક છે... ગાંધીજી આપણને એવું આત્મચિંતન આપે છે જેમાં ઑગસ્ટિન અને રૂસોની સ્વીકારોક્તિ જેવી નિખાલસતા અને સંત જેવી નૈતિક કડકડતા બંને છે. વિનોબાએ લખ્યું, ''બાપુએ આ પુસ્તકમાં પોતાનો આત્મા નિર્વસ્ત્ર કર્યો છે. જે કોઈ ખુલ્લા હૃદયથી વાંચશે તે બદલાઈ જશે.'' જાણીતા લેખક વી. એસ. નાયપૉલનું અવલોકન ટીકાત્મક છે. એ લખે છે, ''આ આત્મકથા આત્મમગ્નતાનું પુસ્તક છે... ગાંધીજી પોતાની દરેક વ્યક્તિગત કમજોરી નૈતિક વિજયમાં ફેરવે છે. આ નમ્રતાના વેશમાં છુપાયેલો અહંકાર છે.'' બ્રિટિશ ઈતિહાસકાર પેરી એન્ડર્સન લખે છે, ''આ આત્મકથા આત્મ-રચનાની એક મહાકૃતિ છે... ગાંધીજી પોતાને સતત નિષ્ફળ હતા છતાં સતત પ્રયત્નશીલ આત્મા તરીકે રજૂ કરે છે, પરંતુ કથન ખૂબ જ કાળજીપૂર્વક ગોઠવાયેલું છે. જેથી મહાત્માની છબી મજબૂત બને.'' બાબાસાહેબ આંબેડકરે જાહેરમાં કંઈ લખ્યું નથી, પણ ખાનગીમાં તેઓએ એવું કહ્યું છે કે, ''સામાજિક બંધારણાત્મક સુધારાની કિંમત પર આત્મશુદ્ધિની ગાંધીજીની આકાંક્ષા દર્શાવે છે.'' અને જાતિ તથા અસ્પૃશ્યતા વિશે ગાંધીજીના ''પ્રયોગો'' ''દબાયેલા લોકોનાં શરીરો પર કરાયેલા પ્રયોગો'' સર્વેનો સાર

આપણે કાઢવાની જરૂર નથી. એટલું ખરું કે ગાંધીજી આત્મશ્લાઘા કરે એવી વ્યક્તિ નથી જ લાગતી એ આટલી હદે આડંબર કરે તે પણ બુદ્ધિને કે મનને ગોઠે એમ નથી.

**આત્મકથા કેમ અને ક્યારે લખાઈ**

સોશિયલ મીડિયામાં ફેલાતાં જુઠ્ઠાણાંના સંદર્ભે 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' અંગેની હકીકતો સ્પસ્ટ કરવી જરૂરી બને છે. ગાંધીજીએ આત્મકથા કેમ લખી તે તેમણે જાતે પ્રસ્તાવનામાં જણાવ્યું છે અને તેમાં ભાઈ જેરામદાસ તથા સ્વામી આનંદનો ખાસ આગ્રહ હતો. આત્મકથા પશ્ચિમની પ્રથા હોવાના વાંધા સામે ગાંધીજીએ સ્પષ્ટ કર્યું કે તેઓ આત્મકથા નહીં, પરંતુ સત્યના પોતાના પ્રયોગોની કથા લખી રહ્યા છે. સમયના અભાવે ગાંધીજીએ આ લેખોને હપતાવાર 'નવજીવન'માં લખ્યા, જે ૩૦ નવેમ્બર ૧૯૨૫થી ૩ ફેબ્રુઆરી ૧૯૨૯ સુધી પ્રકાશિત થયા. એ જ સમયમાં આ લેખો 'ઇન્ડિયન ઓપિનિયન' અને અમેરિકાની 'યુનિટી' પત્રિકામાં પણ છપાયા. પુસ્તક રૂપે આત્મકથા બે તબક્કામાં ૧૯૨૭ અને ૧૯૨૯માં પ્રકાશિત થઈ અને નવજીવન ટ્રસ્ટે સૌથી વધુ નકલો પ્રકાશિત કરી છે. અંદાજે એક કરોડથી વધુ નકલો, ૫૦ ભાષાઓમાં વેચાઇ ચૂકી છે અને આજે પણ તમામ નફરત અભિયાન છતાં આત્મકથા વૈશ્વિક બેસ્ટસેલર તરીકે અડગ છે.

**આત્મકથા યુવાઓએ કેમ વાંચવી જોઈએ?**

આપણી સંસ્કૃતિમાં વચનબદ્ધતાનો મહિમા કહે છે. આ પરંપરા કે મૂલ્ય શાશ્વત જણાય છે. આજે પણ સામાન્ય વ્યવહારમાં આ કહેવત 'અભી બોલા અભી ફોક' બોલાય છે. એ વ્યક્તિ અંગેની અવિશ્વસનીયતા દર્શાવે છે. વ્યવસાયનું જે કોઈ ક્ષેત્ર હોય, વ્યક્તિ ભરોસાપાત્ર છે કે નહીં એની આપણને ખૂબ ચિંતા હોય છે. મહાભારતના યુદ્ધમાં ગુરુ દ્રોણાચાર્યને યુદ્ધભૂમિમાં સેનાપતિની ભૂમિકામાંથી દૂર લઈ જવા યુધિષ્ઠિર દ્વારા કરાવેલા ઉદ્‌ઘોષ 'અશ્વથામા હતો હતઃ' અર્ધસત્ય હતો. જો કે યુધિષ્ઠિરે તો ધીમેથી 'નરો વા કુંજરો વા' પણ ઉચ્ચારેલું. પણ કૃષ્ણે જોરથી પાંચજન્ય ફૂંકેલું, જેથી અવાજ દબાય. આમ દ્રોણ યુદ્ધમાં પડેલા દીકરાના મૃતશરીરને શોધવા નીકળ્યા અને પાંડવોએ બાજી પલટી. અલબત્ત, ધર્મરાજ કહેવાતા યુધિષ્ઠરનો રથ જે જમીનની ઉપર રહેતો હતો તે જમીનને અડકી ગયો! આ એમની સજા! આ આદર્શ મૂલ્ય વંદનીય, પણ વ્યવહારમાં 'પાપી પેટ' ખાતર જૂઠું બોલાય, છળ, કપટ માન્ય. અને વેપાર ધંધાને ઋતાનુઋત જ કહ્યું. વળી એ શાસ્ત્ર પ્રમાણિત! 'વ્યાપારં દ્રોહ ચિંતનમ્' વ્યવહારુ ગણાય.

ગાંધીજીએ લખ્યું કે એમના જીવનની વાર્તા એ એમણે કરેલા સત્યના પ્રયોગો છે અને એ પ્રયોગો દ્વારા એ લોકોને સંદેશ આપવા માગે છે. સત્ય પર ટકી રહેવું હોય તો વચનબદ્ધતાની વાત આવે જ. મહત્ત્વનો મુદ્દો છે કે ગાંધીજીના પ્રયોગોમાં બીજા સાથે સત્ય વ્યવહારની વાત તો આવે જ છે, પણ પોતાની જાત સાથે પણ સત્યનો વ્યવહાર સાતત્યપૂર્વક ટકાવી રાખવાની ટેક જાતને તાવડીમાં કેવી તીવ્રતાથી તપાવે છે તેની વાર્તા ગાંધીજી લખે છે.

## કિશોર મોહનના સત્યના પ્રયોગો

કિશોરાવસ્થાથી મોહનદાસ પોતાની સત્યની ટેક વિશે સભાન થયા હતા. હાઈસ્કૂલના પહેલા વર્ષમાં અંગ્રેજીના વર્ગમાં અંગ્રેજ ઈન્સ્પેક્ટરે સ્પેલિંગ લખાવેલા એમાં પાંચમાંથી મોહને એક શબ્દ 'કેટલ'ની જોડણી ખોટી કરી હતી. વર્ગશિક્ષકે બૂટ મારી મોહનને ઈશારો કર્યો હતો કે બાજુમાં જોઈને નકલ કરે. જન્મજાત હોય કે પછી ઘરના વાતાવરણથી મળ્યું હોય, મોહન બાળપણથી જ સત્યવાદી હતો અને સત્યનો પૂજારી પણ. એ વાત 'સત્યના પ્રયોગો'માં શરૂઆતથી જ તેઓ લખે છે. મોહને નકલ ન કરી અને 'ઠોઠ' ઠર્યો! આપણા સમાજનું આ મૂલ્ય પણ ખરું! વિદ્યાર્થીઓએ નકલ ન કરવી એ મૂલ્ય તો ખરું, પણ શિક્ષક કોઈ સારા દેખાડા માટે નકલ કરવા પ્રેરે અને વિદ્યાર્થી ન કરે તો તે ઠોઠ ગણાય. જો મોહને નકલ કરી હોત તો એ હોંશિયાર લેખાત, પણ મોહન સામાન્ય નથી. મોટો ભણેશ્રી નથી, પણ સત્યનિષ્ઠ તો ખરો ને ખરો.

જાત સાથે જૂઠું ન બોલાય, જાતને ન છેતરાય એ મૂલ્ય પ્રત્યે ગાંધીજીને બાલ્યાવસ્થાથી પૂર્ણ શ્રદ્ધા. કિશોર મોહને એક નાટક જોયું 'હરિશ્ચંદ્ર આખ્યાન'. વારંવાર જોવાનું મન થાય, મનમાં તો સેંકડો વાર ભજવ્યું, એક વિચાર, 'હરિશ્ચંદ્રના જેવા સત્યવાદી બધા કાં ન થાય?' ઘરનું વાતાવરણ પણ ધાર્મિક. તુલસી રામાયણ ગવાય. અનેક વાર કાને પડ્યું હશે. 'રઘુકુલ રીત સદા ચલી આઈ, પ્રાણ જાયે પર વચન ન જાઈ.' અને હરિશ્ચંદ્ર આખ્યાનમાં આવ્યું જ હોય, 'ચંદ્ર ટરૈ, સૂરજ ટૈર, ટરૈ જગત વ્યવહાર, પૈ દૃઢ શ્રી હરિશ્ચંદ્ર કા, ટરૈ ન સત્ય વિચાર.' સૌરાષ્ટ્રનો દુહો પણ ખરો ને! 'વા ફરે, વાદળ ફરે, ફરે નદીનાં પૂર; શૂરા બોલ્યા ના ફરે ભલે પશ્ચિમ ઊગે સૂર.' આ મૂલ્ય પ્રત્યે બાળ મોહન અત્યંત સંવેદનશીલ, ભાવુક અને બુદ્ધિનિષ્ઠ પણ એટલો જ. હજી કેટલાક દાખલા જોઈએ.

સાતમા ધોરણમાં એક શનિવારે કસરતમાં જવાનું હતું. આકાશ વાદળ છવાયું હતું, સમય અંગે ગફલત થઈ. મોહન મેદાને મોડો પહોંચ્યો. બીજા દિવસે હાજરીમાં મોહન ગેરહાજર જણાયો. પારસી હેડમાસ્ટર ગીમીસાહેબ કડક. ચાર આનાનો દંડ કર્યો, મોહને દલીલ કરી કે એ મેદાને પહોંચેલો, પણ વાદળોના કારણે મોડું થયું. ગીમીસાહેબે ન સ્વીકાર્યું, મોહનની આંખમાં ઝળઝળિયાં. પોતે ખોટો ઠર્યો એનું દુઃખ.

કિશોરાવસ્થામાં જેટલા કિશોર કિશોરીઓ સામે મોહનની આ વાત મૂકી શકાય ને? સ્પેલિંગની વાત તો એક થઈ. એક ઉંમરે બીડી પીવાને ચાળે ચઢેલા. ખરીદવા પૈસા તો હોય નહીં. નોકરોના ખિસ્સામાંથી પાઈ-પૈસો ચોરે. પણ ક્યાં સુધી? ઠૂંઠાં પીને ધુમાડા કાઢી જોયા! પોતાની અવસ્થાની એટલી વ્યથા થઈ કે ધતૂરાનાં બી લાવી મિત્રમંડળીએ મંદિરના ઓટલે બેસી ખાઈ ગયાં. મરી શકાય એટલાં બી ખાવા હિંમત ન ચાલી. ઘરે ગયા. બધી વાત થઈ. વૈદું થયું અને શર્મનાક વ્યવહારનો ખેદ થયો.

કિશોરાવસ્થામાં ઊર્મિઓ ઊઠે અને એ દેશભક્તિની પણ હોય. મિત્રે હાંસી ઉડાવી,

'તમે શું દેશને આઝાદ કરવાના?' દાળભાત ખાઈને આઝાદીની લડાઈ ન લડી શકાય અને તે પણ ઊંચા-પહોળા તાકતવર અંગ્રેજોની સામે. માંસ ખાઓ તો તાકાત આવે. એ પ્રયોગ પણ આદર્યો. પણ સત્યનિષ્ઠ મોહનના અંતરમને સવાલ કર્યો અને મોહને માંસ ખાવાનું છોડ્યું. નોંધવાનું એ કે ચંચલ ચિત્તે ધ્યેય બદલ્યો અને દેશભક્તિની ભાવના કાફીર થઈ એમ નહીં, પણ માંસ ખાવા માટે માતા સામે જૂઠું બોલવું પડે એ વેદના વધુ તીવ્ર. સત્યનિષ્ઠાની આ કપરી કસોટી. નિર્ણય શું કર્યો? 'મોટો થઈ પોતાની સ્વતંત્ર પસંદગી કરી શકવા સક્ષમ બનીશ ત્યારે માંસ ખાઈશ. માથી જૂઠું બોલી દેશભક્તિ કરવી એ અસત્ય જ છે. આજે કિશોરો વાંચે તો ઊંડે કંઈક અડકે ખરું?

જીવનમાં મોહન ભૂલ નથી કરતો એમ નહીં, પણ જ્યારે પણ આવી ભૂલ થાય ત્યારે મોહનની અંદર બેઠેલો મોહન એને પોકારે અને કહે, 'મોહન! આ શું કરે છે?' મોહન માંહ્યલાને નકારે નહીં જ. મોહન મોટા થઈને બૅરિસ્ટર થયા. આફ્રિકામાં લોકોનું નેતૃત્વ કરી ગાંધીભાઈ બન્યા અને દેશમાં આવીને મહાત્મા ગાંધી અને બાપુ બન્યા. પણ દરેક ઉંમરે ખોટું થાય તો માંહ્યલો સાદ દે જ અને મોહન ઝીલે જ. એ જ સત્યના પ્રયોગો. આ પ્રક્રિયામાં મોહનના ચરિત્રમાં જે દઢતા આવી તેણે તેના જીવનની દિશા અને દશા બદલી. આ અનુસરવા જેવું પાત્ર નહીં? આજે પણ ઝેન નેક્સ્ટ હોય કે ઝેન ઝી હોય, દરેક પેઢી રોલ મૉડલ તો ગોતે જ. ગાંધીજીને એવા એક કિશોરો અને યુવાઓ માટે નૉવેલ અને 'હટ કે' રોલ મૉડલ તરીકે રજૂ કરવા જેવા લાગે છે અને એ જ તો એ પાત્રની વિશેષતા.

માંસ ખાવાના સાહસમાં દેવું થયું. એમનાથી મોટાભાઈ કરસનદાસ પણ સામેલ. પોરસ ચડાવવાવાળો મિત્ર તમામ વ્યવસ્થા કરે, પણ ખર્ચો તો ભાઈઓ જ કરે ને. પરિણામે દેવું થયું અને તે પણ ખાસ્સી મોટું રકમનું - રૂ ૨૫નું. તે કાળે કેટલાય મુલાજિમોનો પગાર મહીને ૪ કે ૫ રૂપિયા! દેવું ફીટવું કઈ રીતે? ભાઈ કરસનના હાથમાં નક્કર સોનાનું કડું, કડું કપાયું, કરજ ફીટ્યું. ચોરીમાં સહભાગી તો થયા અને કરસનભાઈ તો ભૂલી ગયા, પણ મોહન? ફરી 'મોહન કૉલિંગ મોહન', અંદરના મોહનનો સાદ આવ્યો. ચોરી કરી એ તો ખોટું જ, છુપાવું, તે તો વધુ ખોટું. મા પૂતળીબાઈને સઘળી વાત કરી. બાપડી ખૂબ દુઃખી થઈ, પણ એટલું કહ્યું કે પિતાની પાસે કબૂલ કરવું પડે. પિતાને મોઢે કહેવાની હિંમત નહીં, પિતાનો ક્રોધ-પ્રકોપ તીવ્ર. જાતને આકરી સજા કરે. મોહનને તેનું પારાવર દુઃખ થાય. પણ કબૂલાત તો કરવી ઘટે જ. માંહ્યલાના મોહને હિંમત આપી. એક કાગળમાં સઘળી હકીકતો લખી. મોહનની ઉંમર ૧૫ વરસની હતી. પણ આ સત્યનિષ્ઠ બાળકની સમજ ઊંચા ગજાની થઈ ગઈ હતી. ત્રણ બાબતો પત્રમાં લખી. એક, ભૂલનો સ્વીકાર કર્યો. બે, ભૂલ અંગે ઊંડો પશ્ચાતાપ વ્યક્ત કર્યો અને ત્રણ, ભૂલ ગંભીર હોવાથી પ્રાયશ્ચિત રૂપે આકરી સજાની માગણી કરી. ધ્રૂજતા હાથે પત્ર બીમાર પિતાના હાથમાં આપ્યો. તેઓ ભગંદરની વ્યાધિથી પીડાતા હતા. પત્ર લઈ ઊઠીને બેઠા. પત્ર વાંચતા જાય

અને આંખોમાંથી અશ્રુધારા વહેતી જાય. અશ્રુબુંદો પત્ર પર પડે. પત્ર પૂરો થયો. એક ક્ષણ બેઠા રહ્યા. પછી પત્ર ફાડી નાખ્યો અને પાછા પાટ પર સૂઈ ગયા. મોહન સ્તબ્ધ.

ગાંધીજી કોઈ સિદ્ધહસ્ત ગદ્યકાર ન હતા, પણ 'આત્મકથા'માં કેટલાક પ્રસંગો એટલા માર્મિક છે કે વારંવાર વાંચવાની ઈચ્છા થઈ આવે. આત્મકથાના પહેલા ભાગના પ્રકરણ-૮ 'ચોરી અને પ્રાયશ્ચિત'માંથી આટલા ઉદાહરણની આપવાનો લોભસંવરણ હું કરી શકતો નથી.

હું પણ રડ્યો. પિતાજીનું દુઃખ સમજી શક્યો. હું ચિતારો હોઉં તો એ ચિત્ર આજે સંપૂર્ણતાએ આલેખી શકું. એટલું જ તે આજે પણ મારી આંખ સામે તરી રહ્યું છે.

એ મોતીબિંદુના પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો. એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણે.

**રામબાણ વાગ્યાં રે હોય તે જાણે.**

મારે સારુ આ અહિંસાનો પદાર્થ પાઠ હતો. તે વેળા તો મેં એમાં પિતાપ્રેમ ઉપરાંત બીજું ન જોયું, પણ આજે હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકું છું. આવી અહિંસા જ્યારે વ્યાપક સ્વરૂપ પકડે ત્યારે તે પોતાના સ્પર્શથી કોને અલિપ્ત રાખે? એવી વ્યાપક અહિંસાની શક્તિનું માપ કાઢવું અશક્ય છે.

સામાન્ય જીવનમાં આપણે પણ કદાચ આવી સ્થિતિઓમાંથી પસાર થયા હોઈશું. પણ સત્યનિષ્ઠ મોહન પોતાની ભૂલની નિખાલસ કબૂલાતથી શું અનુભવે છે અને શીખે છે તેની ઊંડાઈ સમજવા જેવી છે. વાંચનારે એ ભાથું જ લેવા જેવું છે. કિશોરાવસ્થા કે જવાનીને ઉંબરે આપણામાના ઘણા આમાંથી પસાર થયા હોઈશું, પણ એના વડે એવી ચરિત્રની આવી ઊંચાઈ હાંસલ થઈ શકે તેના માટે આ રસપ્રદ વાચન જરૂરી છે. ઉપરોક્ત ઘટનામાં હજી ઊંડા ઊતરીએ. જીવન અંગત હોય કે સાર્વજનિક, ભૂલો તો થાય જ છે, પણ કરેલી ભૂલનો સ્વીકાર એ પ્રથમ પગલું છે. ભૂલથી શીખવું તો જ શક્ય થાય જ્યારે કરેલી ભૂલનો એકરાર હોય અને એ અંતરમનથી તે અંગે પશ્ચાતાપ હોય. અને અંતરમનની શુદ્ધિ ત્યારે જ શક્ય બને જ્યારે કરેલી ભૂલ માટે પ્રાયશ્ચિત્ત હોય. સત્યનિષ્ઠ બનવું હોય તો જીવનમાં સત્ય 'મનસા, વાચા, કર્મા' હોવું ઘટે. આ 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનો.'

**આજે આપણે આ ભૂમિકામાં રહેવાની જરૂર ખરી?**

મોહન માટે દરેક ભૂલ ફરી ન કરવા માટે રહ્યું. એ ભૂલનો સાર્વજનિક એકરાર કરવાનું એમને શ્રેયસ્કર લાગ્યું. તેથી પંચાવન વરસની ઉંમરે પણ નાનપણથી જે ભૂલો કરી અને શીખ્યા અને તેવી ભૂલ માટે પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત્ત કરી ચરિત્રનું ઘડતર કર્યું. આજે વ્યક્તિ તો ઠીક પણ સમાજ અને રાજ્ય પણ ગંભીરથી અતિ ગંભીર ભૂલો સ્વીકારતા નથી. આજે દુનિયામાં જાયજ કે નાજાયજ કત્લેઆમ ચાલી રહ્યો છે. નિકટના ભૂતકાળમાં ગુજરાતમાં પણ બે કોમોએ એકબીજા ઉપર જુલમો ગુજાર્યા, જુગુપ્સા ઉપજાવે એવી હિંસક રીતે સેંકડોના પ્રાણ હર્યા. તે અંગેનો આજ સુધી કોઈ ભૂલસ્વીકાર પણ નથી, પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત્ત તો બાજુએ જ રહ્યું. ઉલટા એવું

કર્યાનું ગૌરવ આજે પણ લેવાઈ રહ્યું છે. તેની સામે આપણા જ દેશનું આ એક પાત્ર એવું છે જે માત્ર આત્મકથામાં પોતાના બાળપણ કે કિશોરાવસ્થાની ભૂલોને જાહેર કરી એના પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત્ત વિશે લખી ધન્યતા અનુભવી અટકી નથી જતો, પણ જાહેરજીવનમાં આવીને નેતૃત્વ સંભાળ્યા બાદ થયેલી ભૂલોને 'પહાડ જેવી ભૂલ' ગણાવી એનો પણ પશ્ચાતાપ અને પ્રયશ્ચિત્ત કરે છે, તેની વાત પણ નિખાલસ રીતે કરી શકે છે તેવી એની સત્યનિષ્ઠ હોવાની શક્તિ છે.

૧૯૧૯થી ૧૯૨૨માં અસહયોગ આંદોલનનું નેતૃત્વ કર્યું અને દેશવ્યાપી અસહયોગ આંદોલન શરૂ થયું. પૂર્ણ અહિંસાત્મક આચરણ કરવાની નેમ હતી. લોકધીરજ ખૂટી. ગોરખપૂર જિલ્લાના ચૌરી-ચૌરામાં ઉશ્કેરાયેલી ભીડે પોલીસને ઘેરી ચોકીમાં ઘૂસી સંતાવા મજબૂર કર્યા અને જેમ તેઓ અંદર ભરાયા, ભીડે બહારથી બંધ કરી આગ લગાડી દીધી. દેશના અન્ય દિગ્ગજ નેતાઓએ આ ઘટનાને અપવાદ ગણવા વિચાર્યું, પણ ગાંધીજીએ ભૂલ સ્વીકારી જાતને જવાબદાર માની, તેનો પશ્ચાતાપ કર્યો અને પ્રાયશ્ચિત્ત રૂપે ઉપવાસ કર્યા. ૧૫ વરસે મોહને લીધેલી શીખ ઉંમરના ૫૦ વરસે પણ અમલમાં મૂકી. આ તો એક ઘટના નમૂના તરીકે આપી છે. આત્મકથામાં વાચકોને એવા કંઈક પ્રસંગ મળી આવે એમ છે. આજના સમયે ભારત સહિત દુનિયાના સૌથી શક્તિશાળી ગણાતા નેતાઓએ પણ તેમના સ્વાર્થ અને અહંકારને સમજવા, સુધરવા ગાંધીજીની આત્મકથા વાંચવા 'ચિંતન શિબિર' કરવી ઘટે. માત્ર ભારતની મુલાકાત વખતે અને દેશના શીર્ષ નેતાઓ ૨ જી ઑક્ટોબર અને ૩૦ જાન્યુઆરીએ રાજઘાટ પર જઈ ફૂલ અર્પણ કરી માથું નમાવી આવે તે આદર આંતરિક હોય તોપણ બાહ્યાડંબર જ લાગે.

આજકાલ વ્યક્તિ સ્વતંત્રતાને સર્વોચ્ચ મૂલ્ય અને અધિકાર માનનારી પ્રજા ખાનગી જીવનને ખાનગી માની તેનો હક ગણે છે અને તે ખાનગી રાખે. ગાંધીજીએ આત્મકથામાં પોતાની લૈંગિકતા વિશે પણ ખુલ્લી વાતો આત્મકથામાં લોકો સમક્ષ મૂકી દીધી છે. જાહેરજીવનમાં વ્યક્તિ માટે ચરિત્રનો કોઈ પણ પક્ષ ખાનગી નથી. એણે ક્યાંય અને ક્યારેય 'ઇટ્સ માય લાઈફ' એવું કહ્યું કે લખ્યું નથી. એ આપણી આજની અને આવનાર પેઢીઓએ જાણવાની જરૂર તો ખરી જ.

**વચનબદ્ધતા એટલે શું?**

દેશની સભ્યતા અને સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ રાખી ભૂતકાળના પ્રકાશમાં આજે આલોકિત થવાથી વાત બનતી નથી. એનો પરચો રોજબરોજના જીવનમાં દરેક પેઢીએ આપ્યા જ કરવા પડે. એક જ વાત પકડીએ. ગાંધીજીને કહેવાની જરૂર ઓછી પડી છે. કારણ કે એ કર્મ કરી દાખલો બેસાડે. ૧૯ વરસની ઉંમરે વિલાયત જવાનો વારો આવ્યો. માની ચિંતા ઊંડી. વિદેશમાં માંસ-મદિરા તો ભોજન અને શિરસ્તાના ભાગ. મોહન શું કરશે? કઈ રીતે જાત સાચવશે? પણ મોહને વાયદા કર્યા. માંસ નહીં ખાય, મદિરા અને પરસ્ત્રીથી દૂર રહેશે. ૧૯ વરસના યુવા જેનો રોજનો ખોરાક

માતબર હતો, તે યુવા આગબોટ પર મહિના ઉપર અને ત્યારબાદ લંડનમાં એક મહિનો અર્ધભૂખ્યો રહ્યો પણ ટેક ન મૂકી. 'પ્રાણ જાઈ પર વચન ના જાઈ' વાળી રઘુકુળની રીત માત્ર ઉચ્ચારી જ નહીં કરી બતાવી! આ મહિનાઓથી રોજ અડધા ભૂખ્યા રહીને શારીરિક અને માનસિક સ્થિતિ શું થઈ હશે તે એમણે જ આત્મકથામાં વર્ણવેલું છે તેની કરુણા સંતાડે ને સંતાય એવી છે. લખે છે,

''આમ ભટકતાં એક દિવસ હું ફેરિંગ્ડન સ્ટ્રીટ પહોંચ્યો ને 'વેજિટેરિયન રેસ્ટોરાં' (અન્નાહારી વીશી) એવું નામ વાંચ્યું. બાળકને મનગમતી વસ્તુ મળવાથી જે આનંદ થાય તે મને થયો... વિલાયત આવ્યા પછી પેટ ભરીને ખાવાનું પ્રથમ અહીં મળ્યું. ઈશ્વરે મારી ભૂખ ભાંગી.''

૧૯૨૨માં અસહયોગ આંદોલન ચરમ સીમાએ હતું. એક વરસમાં સ્વરાજ મેળવી લેવાનો મનસૂબો હતો, પાર પડે એવું લાગતું હતું અને આંદોલન પાછું ખેંચ્યું. બીજા બધા નેતા ખિજાયા, ગુસ્સે ભરાયા પણ ગાંધીજી વચનભંગ કેમ કરે? રઘુકુલ રીતથી વિચલિત ન જ થાય; એટલું જ નહીં, અમદાવાદ સર્કિટ હાઉસમાં ચાલેલા દેશદ્રોહ માટેના ખટલામાં હિંમતભેર કબૂલ કર્યું કે હિંસા થઈ અને તેની જવાબદારી લીધી અને સજા માગી! આજના રાજકારણીઓએ આત્મકથા વાંચીને શીખવા જેવું ખરું કે નહીં? અને યુવાઓએ પોતાના ભવિષ્યના અંગત કે જાહેરજીવન માટે ભાથું લેવા મળે કે નહીં? ટેક્નોલૉજી જે આવે તે. મનુષ્ય સંપૂર્ણ રીતે મશીન આધારિત જીવન જીવે પણ જાત સાથેના અને એકબીજાના વ્યવહારમાં કંઈક મૂલ્યો પાળશે કે નહીં? તેના માટે રોલ મૉડલ કોણ? 'સત્યના પ્રયોગો' જેવી દીવાદાંડી હોય તો જીવતરનું વહાણ બંદરના ધક્કે લાગે.

**સત્યપાલનમાં હકીકતોની ભૂમિકા**

બેરિસ્ટ્રીનો અભ્યાસ પૂરો કરી પાછા દેશ આવવા નીકળેલા યુવા મોહનદાસને વકીલાત કરવા માટે જરૂરી આત્મવિશ્વાસ ન હતો. માર્ગદર્શન મેળવવા એક સજ્જન ફ્રેડ્રિક પિંકટને મળવા ગયા. તેમણે કહેલી એક વાતે દક્ષિણ આફ્રિકાના કેસને સમજવામાં ઘણી મદદ કરી. પિંકટ કહેતા 'હકીકત એ ત્રણ ચતુર્થાંશ કાયદો છે.' દાદા અબ્દુલ્લા અને હાજી તૈયબજીના કેસ, જેને માટે તેઓ દક્ષિણ આફ્રિકા ગયા હતા, ઉકેલવામાં પિંકટની સલાહે ખૂબ મદદ કરી. એટલું જ નહીં, ત્યારબાદ જાહેરજીવનમાં ગાંધીજીએ આદરેલા સત્યાગ્રહોના પાયામાં હકીકતો એ મુખ્ય પાયો બની રહ્યો.

**સત્યાગ્રહની ખોજ**

આજીવિકાની શોધમાં દક્ષિણ આફ્રિકા જવાનું થયું. આત્મકથામાં આ વાર્તા પણ અત્યંત રસપ્રદ અને પ્રેરક છે. ત્યાં રંગભેદના કારણે ભેદભાવ, અપમાન અને અન્યાયનો જાતઅનુભવ કર્યો. ટ્રેનમાંથી બહાર ફેંકી દેવાની ઘટના, કાયદાકીય અસમાનતા અને સામાજિક અવગણનાએ તેમના અંતરને ઝંઝોડી દીધું. આ પરિસ્થિતિઓએ ગાંધીજીમાં સત્ય માટે અડગ રહેવાની, અન્યાય સામે શાંતિપૂર્વક પ્રતિકાર કરવાની અને આત્મસન્માન

જાળવવાની ભાવના વિકસાવી. સત્યનિષ્ઠ વ્યક્તિ અન્યાયનો પ્રતિકાર કરવા અહિંસક સાધનો જ કેમ શોધે તે આત્મકથા વાંચવાથી સમજાય છે. સૌથી મહત્ત્વની વસ્તુ એ છે કે સૂટબૂટ પહેરીને જીવનના સામાન્ય મોજશોખ માણનાર સાદગીના જીવનને કેમ વરે છે અને જાહેરજીવનમાં સત્યપાલન કરવાની ટેક રાખવી હોય તો સાદા જીવન સિવાય બીજો માર્ગ નથી એ સુપેરે સમજાય છે. ગાંધીજી ૨૪ વરસના યુવા છે અને એ યુવાનમાં થઈ રહેલા પાયાના ફેરફારની વાર્તા સમજવા મળે છે. દક્ષિણ આફ્રિકામાં જ ગાંધીજીના ચરિત્રનો વિકાસ એક વિચારક અને નેતા તરીકે થાય છે. સત્યનિષ્ઠ વ્યક્તિ અહિંસાને વરે છે ત્યારે બળશાળી દુશ્મન સામે લડવાની રણનીતિ માત્ર નથી. એ તો પ્રેમબળથી સામે પક્ષને પોતાના સત્યને જોવાનો આગ્રહ અને એ આગ્રહમાં પોતાને સર્વસ્વ ત્યાગ કરવાનું આવે તો તેની તૈયારી સાથે સત્યાગ્રહ આદરવાની વાત આવે છે. સાથે જ દુરાગ્રહ નથી, કારણ સામેવાળાનું સત્ય જોઈને પોતે એ સ્વીકારવાની વાત પણ સત્યાગ્રહનો એક અભિન્ન અંશ છે. એક સત્યાગ્રહી નાત, જાતિ, લિંગ, ધર્મસંપ્રદાયથી પર લોકહિતમાં કામ કરે છે, તેનો દાખલો ગાંધીજી બેસાડે છે તેની વાર્તા આત્મકથામાં વાંચવા મળે છે. આત્મકથા વાંચ્યા વગર નેલ્સન મંડેલાએ કરેલું વિધાન, 'તમે દક્ષિણ આફ્રિકા એક બૅરિસ્ટરને મોકલ્યો હતો અને અમે તમને એક મહાત્માને મોકલી આપ્યો.' આ મોહનથી મહાત્મા થવાની વાર્તા આત્મકથામાં મળે છે.

**સ્વદેશ પરત આવીને લડતમાં હકીકતની અગત્ય**

ચંપારણ સત્યાગ્રહમાં સત્ય શું જેનો આગ્રહ ગાંધીજીએ રાખ્યો. નીલ (ગળી) બનાવનાર ફેક્ટરીના ગોરા માલિકો ખેડૂતો પાસે જબરજસ્તી વીઘાનો ચોક્કસ ભાગ જેને 'તીન કઠિયા' કહેતા, તેમાં નીલની ખેતી કરાવતા. એટલું જ નહીં, મોટા ભાગની જમીનો પર એમનો જ કબ્જો! જમીનદારો જેટલા પ્રકારના કર વસૂલ કરતા તે આ ગળીની ફેક્ટરીના ગોરા માલિકો ઉઘરાવતા. દેખાડવા માટે તો ફેક્ટરીના માલિકો અને ખેડૂતો વચ્ચે કરારનામા હતાં, પણ હકીકતે તો શોષણ અને જુલમ જ. જિલ્લા પ્રશાસન સ્વીકારે જ નહીં. બધું બરાબર ચાલે છે ની આલબેલ પોકારે. 'ગાંધી તોફાન કરવા આવ્યો છે', એવી વાત વહેતી મૂકી. એને જિલ્લો છોડી જવાનું ફરમાન કાઢ્યું. ગાંધીજી આ મુદ્દે લડ્યા અને વાઈસરૉયની કચેરીમાંથી ગાંધીજીને રહીને તપાસ કરવાનો હુકમ જિલ્લાના અધિકારીઓ પર આવ્યો. ફક્ત બે જ મહિનાના ગાળામાં ગાંધીજીએ એમના સાથી કાર્યકરોની મદદથી ૪૦૦૦ ખેડૂતો પાસેથી હકીકતો ભેગી કરી, દસ્તાવેજો ભેગા કર્યા, એમની જુબાનીઓ લીધી અને અંગ્રેજ સરકારને તપાસ સમિતિ નીમવાની ફરજ પાડી. સમિતિના સભ્ય થઈ ગાંધીજી પણ ગામ-ગામ ફર્યા અને કેફિયતો સાંભળી. એપ્રિલ ૧૯૧૭માં પહોંચેલા અને ઑક્ટોબર સુધી તો ૮૦૦૦ જુબાનીઓ ભેગી કરી લીધી. આવા જોરદાર પુરાવા અને સમિતિમાં રજૂ કરવામાં આવેલી કેફિયતોના આધારે આઠેક

મહિનામાં જ 'તીન કઠિયા' પદ્ધતિ નાબૂદ કરાવી!

૧૯૧૭ અને ૧૯૧૮ના બે જ વરસમાં સત્યની લડાઈમાં હકીકતો અગત્યની છે અને તેના આધારે જ સત્યાગ્રહ થાય એ મુદ્દો દેશ સમક્ષ મૂક્યો. ચંપારણ સત્યાગ્રહ મંડાયો જ હતો અને અમદાવાદમાં મિલમાલિકો અને મિલમજૂરો વચ્ચે વેતન બાબતે સંઘર્ષ થયો. ગાંધીજી મજૂરોના પક્ષે રહ્યા, પણ સામા પક્ષની હકીકતો પણ સાંભળી. ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ અને સંસ્કૃતના વિદ્વાન આનંદશંકર ધ્રુવને વેતન વધારો કેટલો હોઈ શકે તે માટે અભ્યાસ કરી અહેવાલ આપવા નીમ્યા. મોંઘવારી અને મજૂર પરિવારોને ગુજરાત ચલાવવા થતા ખર્ચના આધારે અહેવાલ તૈયાર થયો. માલિકો અને મજૂરો બંનેએ સમાધાન કર્યું.

એ જ અરસામાં અતિવૃષ્ટિના લીધે પાયમાલી અનુભવી રહેલા ખેડા જિલ્લાના ખેડૂતો પાસેથી મામૂલી મહેસૂલ વસૂલ કરવામાં આવ્યું ત્યારે ખેડૂતો સમસમી ગયા. ગાંધીજી પાસે વાત આવી અને ખેડા સત્યાગ્રહ મંડાયો. સરદાર પટેલે આગેવાની લીધી. અંગ્રેજ પ્રશાસનને રજૂઆત હતી કે ખરીફ પાકને નુકસાન છે, પણ રવી પાક તો સારો છે તેથી પાક ઉત્પાદનની આખા વરસની આનાવારી ૧૨ થાય છે તેથી મહેસૂલ માફી કે કમીનો મુદ્દો રહેતો નથી. સરકાર પાસે એના ગ્રામ અને તાલુકા કક્ષાના અધિકારીઓએ આપેલી હકીકતો હતી. ખેડૂતોએ બીજી હકીકત રજૂ કરી. સામાજિક કાર્યકરોએ પણ ખેડૂતોની હકીકતની પુષ્ટિ કરી. સરકારે તે નકારી. આત્મકથા વાંચીએ તો ખ્યાલ આવે કે આ સ્થિતિમાં ગાંધીજીની રણનીતિ એવી રહી કે આપણે ખેતરોમાં જઈ કાપણી કરી, પાકની આનાવારી નક્કી કરીએ. ફરી એક વાર હકીકતની ખરાઈ થઈ અને આંકડા સાથે રજૂઆત થઈ, ત્યાં સુધી મહેસૂલ નહીં ભરવાનો સત્યાગ્રહ જારી રહ્યો. ખેડા જિલ્લાના અધિકારીઓને હકીકત સ્વીકારી નિર્ણય બદલવા પડ્યા. મહાદેવ દેસાઈએ ખેડા સત્યાગ્રહની લડાઈ અંગે પુસ્તક લખ્યું અને શીર્ષક આપ્યું 'એક ધર્મયુદ્ધ.'

આમ, રાજનૈતિક આંદોલનનો પાયો 'સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહીં, મેરી કોશિશ હૈ કિ યહ સૂરત બદલની ચાહિયે'નો રંગ દેશની રાજનીતિમાં લગાડ્યો. આગળ ચાલીને આઝાદીની લડાઈનો પાયો પણ એની પર નખાયો. આજે તો હકીકતોને કોરાણે મૂકી વિશ્વકક્ષાએ નેતાઓએ લોકો પર 'પોસ્ટ ટ્રૂથ' લાદી દીધું છે! એમાં આપણો દેશ પણ પાછળ નથી. નવી પેઢીને હકીકતો આધારે સ્થિતિ - પરિસ્થિતિ સમજવા ગાંધીજીએ જાહેરજીવનમાં હકીકતોનું મહત્ત્વ સ્થાપવા કેવા સંઘર્ષ કર્યા તે દર્શન તો 'સત્યના પ્રયોગો'માં જ મળે એમ છે.

આમ, ગાંધીજીએ આત્મકથામાં જીવનમાં આદરેલા સત્યના પ્રયોગોનાં પાનાં લોકો સામે ખોલ્યાં છે. એમણે લખ્યું, 'પણ મારે આત્મકથા ક્યાં લખવી છે? મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે પ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે. તેમાં મારું જીવન ઓતપ્રોત હોવાથી કથા એક જીવનવૃત્તાત જેવી થઈ જશે એ ખરું છે, પણ જો તેમાંથી પાને પાને મારા પ્રયોગો જ નીતરી આવે તો એ કથાને હું પોતે નિર્દોષ ગણું. મારા બધા પ્રયોગોનો સમુદાય પ્રજાની

પાસે હોય તો તે લાભદાયી થઈ પડે છે એમ હું માનું છું અથવા કહો કે એવો મને મોહ છે.'' આગળ લખે છે -

''પણ મૂળથી જ મારો અભિપ્રાય રહ્યો છે કે જે એકને સારુ શક્ય છે તે બધાને સારુ શક્ય છે. તેથી મારા પ્રયોગો ખાનગી નથી થયા, નથી રહ્યા. એ સહુ જોઈ શકે એમાં મને તેની આધ્યાત્મિકતા ઓછી થતી હોય એમ નથી લાગતું. એવી કેટલીક વસ્તુઓ અવશ્ય છે કે જે વિશે આત્મા જ જાણે છે, આત્મામાં જ શમી જાય છે, પણ એવીએ વસ્તુ આપવી એ મારી શક્તિ ઉપરાંતની વાત થઈ... જો મારે કેવળ સિદ્ધાંતોનું એટલે તત્ત્વોનું જ વર્ણન કરવાનું હોય તો આ આત્મકથા હું ન જ લખું, પણ મારે તો તેના પર રચાયેલા કાર્યનો ઇતિહાસ આપવાનો છે, અને તેથી જ મેં આ પ્રયત્નને 'સત્યના પ્રયોગો' એવું પહેલું નામ આપેલું છે. આમાં સત્યની ભિન્ન મનાતા અહિંસા, બ્રહ્મચર્ય ઈત્યાદિ નિયમોના પ્રયોગ પણ આવી જશે, પણ મારે મન સત્ય જ સર્વોપરી છે અને તેમાં અગણિત વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે. આ સત્ય તે સ્થૂલ-વાચાનું-સત્ય નહીં. આ તો જેમ વાચાનું તે વિચારનું પણ ખરું. આ સત્ય તે આપણે કલ્પેલું સત્ય જ નહીં, પણ સ્વતંત્ર ચિરસ્થાયી સત્ય; એટલે કે પરમેશ્વર જ.''

ગાંધીજીના 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' આજે પણ આબાલવૃદ્ધ માટે ઉપયોગી થઈ પડે એમ છે અને આજના જમાનામાં ચરિત્ર ઘડવા માટે ફેશન મુજબ 'આઉટ ઑફ દિ બૉક્સ' વિચારનાર મોહન અને બાપુ બેઉની કથા યુવાનોને આકર્ષી શકે એમ છે.

**(અનુસંધાન પૃષ્ઠ ૨૦ થી ચાલુ)**

ગેરવર્તણુક વિશે ખુલાસો માગે તો એ શું જવાબ આપશે? છેવટે એક દિવસ વકીલ તરફથી એક સીલબંધ કવર રજીસ્ટર્ડ ટપાલ દ્વારા આવ્યું. કવરમાં અંગૂઠાની અનેક છાપ સાથેનો દસ્તાવેજ, વિના વેતન કામ બાબતનો કરાર, વકીલની ફી માટેની રસીદ અને બુદ્ધ હવે એક સ્વતંત્ર માનવ છે એવું મને જણાવતો એક પત્ર હતો. મારો કુલ ખર્ચ હતો બસો પચીસ રૂપિયા.

તે દિવસે જ્યારે બુદ્ધ કામ પરથી પાછો ફરી રહ્યો હતો ત્યારે હું એને મળ્યો, કવરમાંથી કાગળ કાઢી, એને આપી, હું દિવાસળી ચાંપું ત્યાં સુધી પકડવા કહ્યું. 'ના સાહેબ ના' એણે કહ્યું ''આ કાગળ બાળતા નહીં. હવે તો હું તમારો ગુલામ છું. પ્રભુની કૃપાથી એક દિવસ તમારું ઋણ હું જરૂર ચૂકવી દઈશે.'

બુદ્ધ સ્મિત તો ક્યારે કરતો જ નહીં. ઉપરાંત એ ખૂબ ઓછા બોલો પણ હતો. જ્યારે એણે મને કાગળ બાળવા ન દીધાં ત્યારે મેં એને તે બધા કાગળ પોતાની પાસે રાખી લેવા કહ્યું. જવાબમાં એ માત્ર હાથ જોડી મારે પગે પડ્યો અને જ્યારે એણે ઊઠીને પાછા જવા મોં ફેરવ્યું ત્યારે એના કોલસા ભર્યા ચહેરા પર આંસુએ આંકેલી રેખાઓ સાફ દેખાતી હતી.

પેઢીઓથી દેવાના ડુંગર હેઠળ કચડાતાં લાખો પૈકી એકનો છૂટકારો થયો. પરંતુ કદાચ એવા હજારો કુટુંબના છુટકારા મારા માટે બુદ્ધના છૂટકારાથી વધુ આનંદદાયક ન હોત; અને બુદ્ધની મૌન અભિવ્યક્તિ અને પોતાની પત્નીને શુભ સમાચાર આપવા જતા સમયે આંસુઓથી આંધળી થયેલી તેની આંખથી વધુ કોઇ શબ્દો મારા હૃદયને સ્પર્શી શક્યા ન હોત.

# નિરાકાર શબ્દ કે સંકલ્પનાને સમજવાનો એક માત્ર ઉપાય!

- હરેશ ધોળકિયા

માણસ જ્યારે કેળવણી લેતો હોય છે, ત્યારે તેને કેટલીક સંકલ્પનાઓ આપવામાં આવે છે. જેમ કે, સત્ય બોલવું, શ્રદ્ધા કેળવવી, નિર્ભય થવું, તટસ્થ થવું, વગેરે. માણસ આ શબ્દો તો ગોખી લે છે, પણ તેનું હાર્દ ભાગ્યે જ સમજે છે, કારણ કે શબ્દો કે સંકલ્પના તો ભાવવાચક હોય છે. તેને કેવળ ''સમજવાની'' હોય છે. પણ તે સીધી સમજી ન શકાય. માણસ સામે તેના ઉદાહરણ મુકવા પડે. એટલે કે આ સંકલ્પનાઓને જેઓ જીવ્યા હોય તેમના ઉદાહરણ આપવા પડે. આ દાખલાઓ જોઈ કે સાંભળીને જ માણસ તેને નક્કર રીતે સમજી શકે. આ માટે ઈતિહાસમાં જવું પડે. ઈતિહાસમાં આવા દાખલારૂપ લોકોના ચરિત્રો વાંચવા પડે. વારંવાર વાંચવા પડે. ત્યારે ધીમે ધીમે સમજાય. ભારતીય પુરાણોમાં આવા ગુણોને જીવતા લોકોના ચરિત્રો છે. દાખલા તરીકે સત્ય પાલન એટલે હરિશ્ચંદ્ર કે યુધિષ્ઠિર કે રામ. શ્રદ્ધા એટલે ધ્રુવ કે પ્રહલાદ. તટસ્થ એટલે કૃષ્ણ. પણ આ બધા તો પૌરાણિક પાત્રો છે. તેઓ થયા છે કે નહિ તે બાબત અસ્પષ્ટ છે. પણ ઈતિહાસમાં જેઓ નોંધાયેલા છે તેઓના કાર્યો તો નોંધાયેલા છે. એમના દાખલા નક્કર છે. તેવાઓને જાણીએ તો આ શબ્દો અને સંકલ્પનાઓ બરાબર સમજાય.

દાખલા તરીકે 'નિર્ભય થવું'. નિર્ભય એટલે ભય લાગે પણ તેને વશ ન થવું. નજીકના ઈતિહાસમાં તેનો સર્વોત્તમ દાખલો મહાત્મા ગાંધી છે. બાળપણમાં અંધારાથી ગભરાતા ગાંધી સમય જતા આત્યંતિક નિર્ભય થાય છે. એટલું જ નહિ, તેનાથી પણ આગળ જાય છે. નિર્ભયથી પણ આગળ એક શબ્દ છે. ''અભય''. અભય એટલે ભય લાગે જ નહિ. ભય તેના સામે ફરકે જ નહિ. ગાંધીજી નિર્ભય જ નહિ, અભય વૃત્તિ ધરાવતા હતા. અનેક ઉદાહરણો છે તેમના જીવનમાં.

દક્ષિણ આફ્રિકામાં સત્તા સામે ચળવળ ચાલતી હતી ત્યારે તેમના ઈરાદા સામે એક પઠાણે શંકા કરી અને ગાંધીજી વિરોધ કરવા આગળ વધ્યા ત્યારે તેમને મારવાનો પ્રયાસ કર્યો. ત્યારે પણ તે ડર્યા વિના આગળ વધ્યા અને પઠાણનો માર ખાધો. એક સેકંડ પણ હિંમત ન હારી. બિહારમાં ગળીનો સત્યાગ્રહ કરતા હતા ત્યારે ગળીનું ખેતર ધરાવતો એક અંગ્રેજ ગુસ્સે થઈ ગયો અને જાહેરાત કરી કે જે ગાંધીનું માથું લઈ આવશે તેને દસ હજાર રૂપિયા તે આપશે. આ વાંચીને ગાંધી પોતે જ તેના પાસે ગયા અને દસ હજાર માગ્યા અને માથું ધરી દીધું. અંગ્રેજ તો સ્તબ્ધ થઈ ગયો અને ગાંથીજીની અભયવૃત્તિ જોઈ તેમનો શિષ્ય થઈ ગયો. કલકત્તા અને નોઆખલીમાં ભયંકર હિંસાવૃત્તિ પ્રગટ થતી હતી અને બધે કતલ થતી હતી. લશ્કરની પણ ત્યાં જવાની હિંમત ન હતી. ત્યારે છોતેર વર્ષના વૃદ્ધ ગાંધીજી એકલા ત્યાં ગયા અને હિંસાને ઠારી દીધી. ભયંકર ગુંડાઓ

વચ્ચે એકલા ઊભા રહેતા અને એવો તો અભય પ્રગટ કરતા કે બધા ગુંડા તેમના શસ્ત્રો ગાંધીજીના ચરણોમાં મૂકી દેતા. તેમની અભયવૃત્તિ જોઈ સમગ્ર દુનિયા સ્તબ્ધ થતી હતી. તેમનાથી પ્રેરિત થઈ અનેક હજારો લોકો નિર્ભય બન્યા હતા અને ચળવળમાં ભાગ લેતા અને જેલ પણ જતા. અરે, તેમના મૃત્યુ પછી તેમને વાંચીને પણ મંડેલા કે માર્ટિન લ્યુથર જેવા અભય થયા અને ક્રાંતિ કરી શક્યા. આજે પણ સેંકડો લોકો માત્ર તેમને વાંચીને પણ આ વૃત્તિ કેળવે છે.

ગાંધીજીનું સત્ય એટલું તીવ્ર હતું કે સાદા સીધા અને કપટને વશ લોકો તેમની સામે આવવાની હિંમત પણ ન કરી શકતા. એનો એટલો તો પ્રભાવ હતો કે જ્યારે ગાંધી-ઈર્વિન કરાર થયા અને તેનો મુસદ્દો ગાંધીજીએ ઘડ્યો અને ઈર્વિનને મોકલ્યો, ત્યારે ઈર્વિનનાં સલાહકારોએ તેમને ચેતવ્યા કે તે તેને બરાબર વાંચે કારણ કે ગાંધીજી રાજકારણી હતા અને માથેથી વકીલ હતા. ચોક્કસ શબ્દ રમત કરી હશે. પણ ઈર્વિને કહ્યું કે ગાંધીજીનો મુસદ્દો તે વાંચ્યા વિના જ સહી કરશે, કારણ કે તેને ગાંધીજીના સત્ય પર ભરોસો હતો.

'તટસ્થ' શબ્દ સમજાવો હોય તો આપણે થોડા વર્ષો પહેલા થઈ ગયેલા અદ્‌ભુત સંત નિસર્ગદત્ત મહારાજ પાસે જવું પડે. તેઓ રોજ સવારે આઠ થી દસ વાર્તાલાપ કરતા. એક દિવસ આ વાર્તાલાપ પૂરો થયો અને બધા ઊભા થયા ત્યારે મહારાજે હાથ જોડી બધાને કહ્યું કે, ''આજ બધા મને મદદ કરો તો મારું એક કામ થાય.'' બધા તો મહારાજની સેવા કરવા તત્પર હતા. હા પાડી દીધી. ત્યારે મહારાજે કહ્યું, ''બહુ મોટું કામ નથી. આજ સવારે છ વાગ્યે મારી પત્નીનું અવસાન થયું છે. તેનું શરીર અંદરના ઓરડામાં પડ્યું છે. હું એકલો છું. તમે મદદ કરો તો બધા સાથે મળીને તેને સ્મશાન લઈ જઈએ. અને હા, સાંજે વાર્તાલાપ ચાલુ રહેશે.'' બધા તો સ્તબ્ધ થઈ ગયા. પત્નીનું શરીર ઘરમાં હતું, છતાં દૈનિક વાર્તાલાપ ચાલુ રાખ્યો. વાતચીતમાં એક થડકો કે ઊર્મિ ન જોવા મળી અને પાછા કહે છે કે સાંજે વાર્તાલાપ ચાલુ રહેશે. બધાની આંખમાં આંસુ આવી ગયા. પણ મહારાજ તો સ્વસ્થ જ હતા. તટસ્થતાનો આ આત્યંતિક દાખલો કહી શકાય.

''અભ્યાસમાં તલ્લીનતા''નું એક ઉત્તમ ઉદાહરણ ઈતિહાસમાં નોંધાયેલ છે. પ્રાચીન ભારતીય ગણિતશાસ્ત્રી વરાહમિહિર પોતાનો ગ્રંથ લખવામાં એટલા તલ્લીન થઈ ગયા કે પચીસ વર્ષ ક્યાં પસાર થઈ ગયા તેની તેમને ખબર જ ન પડી. પચીસ વર્ષે જ્યારે ગ્રંથ પૂરો થયો અને તેમણે જ્યારે કલમ નીચે મૂકી અને ઉપર જોયું ત્યારે જોયું કે કોઈ સાડી પહેરીને ઊભું હતું અને તેના હાથમાં દીવડો હતો. વરાહમિહિરે પૂછ્યું કે તે કોણ હતું. ત્યારે તે વ્યક્તિએ જવાબ આપ્યો કે તે તેમની પત્ની લીલાવતી હતી. તે પચીસ વર્ષથી તેમના પાસે દીવડો ધરીને ઊભી રહી હતી જેથી તેઓ નિરાંતે લખી શકે. વરાહમિહિર સ્તબ્ધ થઈ ગયા અને તેમને ગ્રંથનું નામ જ ''લીલાવતી ગણિત'' રાખી દીધું. પચીસ વર્ષ તેઓ એટલા તો તલ્લીન, અથવા તો કામમાં સમાધિસ્થ, રહ્યા કે આસપાસ શું બને છે તેનું તેમને ભાન જ ન હતું.

શબ્દ સાથે તલ્લીનતાનું ઉદાહરણ પ્રાચીન ભારતમાં પાણીની પૂરું પાડે છે. તેઓ શિષ્યને શબ્દનું મૂળ સમજાવે ત્યારે જાણે સમાધિસ્થ થઈ જતા. એક વાર કોઈ શબ્દ સમજાવતા હતા ત્યારે

અચાનક એક વાઘ આવી ચડ્યો. તેને જોઈ શિષ્યો ગભરાઈ ગયા અને 'વ્યાઘ્ર' બૂમ મારી અને દૂર ભાગી ગયા. પણ પાણીની એમ સમજ્યા કે શિષ્યોને આ શબ્દનું મૂળ સમજવું છે. એટલે તેઓ બોલવા ગયા કે વાઘે તેમને મોમાં લઈ લીધા. તેમનો શ્વાસ ગુંગળાવવા લાગ્યો, છતાં બૂમ મારીને બોલ્યા, ''...ઈતિ વ્યાઘ્ર.'' મરતે મરતે પણ શબ્દની મીઠાશ માણતા રહ્યા.

''જગદ્ગુરુ'' શબ્દ મોટા ભાગે કૃષ્ણ અને શંકરાચાર્ય માટે ઉપયોગમાં લેવાય છે. પણ ત્યારે જગત એટલે માત્ર ભારત એવો જ અર્થ હતો. એટલે કે સમગ્ર ભારતના ગુરુ. પણ હકીકતે જગદ્ગુરુ શબ્દ યોગ્ય રીતે તો, વૈશ્વિક રીતે, ફરીથી, મહાત્મા ગાંધીને જ લાગુ પડે છે. સમગ્ર જગતમાં એક માત્ર ગાંધીજીનું નામ જ વ્યાપક છે. આજે પણ જ્યારે જગતમાં કોઈ પણ સમસ્યા બાબતે વિચાર કે તેનો ઉપાય વિચારાય છે, ત્યારે માત્ર ગાંધીજીનું નામ લેવાય છે. અરે, પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ કે યુદ્ધ વિશે પણ વિચારાય છે, ત્યારે પણ તેમને જ યાદ કરવા પડે છે. આજે પણ ! બીજું કોઈ યાદ નથી આવતું. રશિયા, યુક્રેન, બાંગ્લાદેશ વગેરે દેશો તદ્દન અશાંત છે. ત્યાં હિંસા અને કટ્ટરવાદ નગ્ન સ્વરૂપે નાચ કરે છે. તેનો કોઈ જ ઉપાય નથી દેખાતો. ત્યારે જનતાને ગાંધી જ સાંભરે છે. આપણા દેશમાં આજે પણ ગાંધીના વિરોધીઓને ટકવા માટે તેમના નામનો ઉપયોગ કરવો પડે છે. કોઈ બાબતમાં તેમના નામને હટાવવાનો પ્રયાસ થાય છે ત્યારે હોબાળો થઇ જાય છે. જગદ્ગુરુ બાબતે ગાંધી સાથે કેવળ ભગવાન બુદ્ધ ઊભા રહી શકે છે. તેમના વિચારો આજે જગતની નાસ્તિકમાં નાસ્તિક વ્યક્તિ પણ સ્વીકારે છે. આ બે જ સાચા અર્થમાં જગદ્ગુરુ છે.

આમ, ઉત્તમ શબ્દો કે સંકલ્પનાઓને સમજવા હોય તો શબ્દકોશ પાસે ન જવું, પણ કોઈ મહાન વ્યક્તિ પાસે જવું. તેમનું જીવન એ શબ્દ કે સંકલ્પનાને સચોટ રીતે સમજાવી દેશે અને તેને કેમ જીવવો તે પણ તાલીમ આપી દેશે.

❀ ❀ ❀

એક સવારમાં હું ફરવા નીકળ્યો. રસ્તામાં એક ખેતર આવ્યું. પાકનું રક્ષણ કરવા ખેતરમાં એક માંચડો બાંધેલો અને તેના ઉપર ખેડૂત બેઠેલો. સૂર્યોદયની વેળા હતી. મેં જોયું કે પંખીઓ દાણા લઈ રહ્યા હતા અને ખેડૂત તો હાથ પર હાથ મૂકીને એમતેમ બેઠો રહેલો. મેં તેને કહ્યું, 'અરે આ પંખીઓ પાક ચણી જાય છે, તારું ધ્યાન છે કે નહીં? તે બોલ્યો, ' અરે ભાઈ, આ તો રામપ્રહર છે, હજી તો સુરજ મહારાજ આવી રહ્યા છે. હમણાં થોડો વખત એમને ખાઈ લેવા દો. પછી ઉડાડીશ. પાકમાં એમનોય હક છે ને!

ખાધા પહેલાં તુલસીના છોડને પાણી પાવું, ગાયને કૂતરા માટે કાંઈક અલગ રાખવું, એ ભારતીય સંસ્કૃતિનો વિચાર છે. તેમાં સમાજને માટે કાંઈક ને કાંઈ દેવાની વાત છે. માણસ એકલો નથી, આ વૃક્ષ-વનસ્પતિ છે. પશુ-પંખી છે, એ બધાનોય આપણે જે ખાઈએ-પીએ છીએ, તેમાં કાંઈકને કાંઈક હિસ્સો છે, એવી ભાવના ભારતીય સંસ્કૃતિમાં રૂઢ થયેલી છે.

**- વિનોબા ભાવે**

❀ ❀ ❀

# પુસ્તક પરિચય - શિક્ષણ અને કેળવણી

**લેખક : ડૉ. સંતોષ દેવકર**

શિક્ષણની સાચી ધરોહર કેવી હોઈ શકે તેના તમામ સ્વરૂપોનો ઉઘાડ ડૉ. સંતોષ દેવકરનું પુસ્તક ''શિક્ષણ અને કેળવણી'' આપણને કરી આપે છે. શિક્ષણના તમામ ઘટકો તેના અંગ-ઉપાંગની કાર્યશૈલી કેવા પ્રકારની નીતિમત્તાવાળી અને ચોક્કસ હોવી જોઈએ તેની વિગતવાર છણાવટ શ્રી દેવકર સાહેબે તેમના પુસ્તકમાં કરી છે. પોતાની જીવનયાત્રામાં જેમણે માત્ર કેળવણી સાથે ખૂબ નિસબત રાખી છે એવા આ લેખકે શિક્ષણ માટેના દ્વાર આપણને ખોલી આપ્યા છે. એટલે જ તો ૩૩ પ્રકરણમાં વહેંચાયેલા આ પુસ્તકના પાને પાને આપણને કેળવણી અને શિક્ષણ એ બન્ને વચ્ચે વિહરવાની તક મળતી રહે છે.

ડસ્ટરની પર્સનાલિટીને શિક્ષકની નિષ્ફળતા સાથે સાંકળી આદરણીય ડૉ. ગુણવંતભાઈ શાહે શિક્ષક સમાજને ખૂબ ઉપયોગી વાત કરી છે. જ્યારે વિદ્યાર્થી ક્યાં જાય છે? અને શું કરે છે? તેની અગત્યતા ઉપર ભાર મૂકીને શ્રી રાઘવજી માધડે ''વિદ્યાર્થી માટે શિક્ષક એક આદર્શ છે, રોલ મોડલ છે'' - તેવી આશા વ્યક્ત કરી છે.

લેખકના શિક્ષણ સાથેના કામ અને તેમના અનુભવોની છાંટ દરેક પ્રકરણમાં આપણને ભીંજવી જાય છે. અને એટલે જ શિક્ષણ સાથે કામ કરનારા સૌ અભ્યાસપ્રેમી માટે માત્ર રૂપિયા ૨૦૦ની નજીવી કિંમતનું આ પુસ્તક ભલા કોને મોંઘુ પડે?

ખૂબ જ સારું અને શિક્ષણ માટે ઉત્તમ પુસ્તક સૌએ વસાવવા જેવું છે.

**પ્રાપ્તિસ્થાન :** નવભારત સાહિત્ય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ

લેખક : ડૉ. સંતોષ દેવકર
- ૯૪૨૬૫૬૦૪૦૨
નવભારત સાહિત્ય મંદિરનો
નં. ૯૪૨૭૬૯૩૫૫૪

❀ ❀ ❀

માણસને જો યાત્રાનું પુણ્ય મળતું હોય તો યાત્રા કરાવનાર આ રસ્તાઓનું પુણ્ય કેટલું! દૂર દૂર જનારા અને બે બાજુનાં ઝાડ પરથી વર્તાઈ આવનારા રસ્તાઓ પહાડ ઉપરથી જોઈ કેટલાયે વિવિધ વિચારો મનમાં આવે છે. રસ્તાની ન્યાત વણજારાની છે. પ્રજાઓ વચ્ચે એ સંસ્કૃતિના એલચીનું કામ કરે છે. જંગલોનાં હૃદયો વીંધીને માણસ માટે એને એ ઉઘાડાં કરે છે, દરેક જાતની નિશાનીઓ ભૂંસી નાખનાર રેતીના રણ ઉપર પણ એ વિજય મેળવે છે. આમતેમ વાંકોચૂકો ફરી પહાડોની ખુશામત કરતો એ માથે ચડી બેસે છે. નદીનાળાં પણ એને રોકી શકતાં નથી. માણસની દુર્દાન્ત પરિવાર્જક ઇચ્છાશક્તિનો એ પ્રતિનિધિ છે.

❀ ❀ ❀

# શિક્ષણ સમાચાર

**- અશોક સોમપુરા**

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ગુજરાતના બજેટમાં શિક્ષણ :**

શિક્ષણ વિભાગમાં સૌથી વધુ ૬૩૧૮૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ શિક્ષણનું બજેટ વધારે છે. સરકાર દ્વારા ખાસ તો નવી સરકારી કૉલેજો માટે તથા રિસર્ચ પાર્ક સહિત યુનિવર્સિટીઓમાં સ્પોર્ટ્સ્ અને કૉલેજોના નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કેટલીક નવી ગ્રાન્ટ સહાયની જોગવાઈ કરાઈ છે.

**સ્કૂલ શિક્ષણ માટે ફાળવેલ બજેટ :**

સરકારના શિક્ષણ વિભાગ હેઠળના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે મિશન સ્કૂલ ઑફ એક્સેલન્સ હેઠળ સ્કૂલ માળખાગત સુધારણા માટે ૩૦૫૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. ૯ થી ૧૨ની સરકારી શાળાઓ-આરએમએસએ-અને મોડેલ શાળાના બાંધકામ માટે તેમજ રિપેરીંગ માટે ૩૪૨ કરોડની જોગવાઈ કરાઈ છે. ૩૧૭૯૦ સરકારી શાળામાં સ્વચ્છતા સહાય માટે ૧૩૫ કરોડ તેમજ ઉચ્ચતર પ્રાથમિક શાળામાં એક જ કેમ્પસમાં બાલવાટિકાથી - ધોરણ ૧૦ સુધીના શિક્ષણ માટે સંકલિત શાળાના નવા બાંધકામ માટે ૧૨૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. પ્રાથમિક શાળાઓના ૫૨ લાખથી વધુ બાળકોને વિનામૂલ્યે પુસ્તકો માટે ૧૧૯ કરોડની જોગવાઈ કરાઈ છે. રક્ષા શક્તિ શાળા શરૂ કરવા અને ૧૩૨૮ વિદ્યાર્થીને લાભ આપવા ૧૮ કરોડની જોગવાઈ છે.

આ સાથે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ યોજનામાં એક લાખ વિદ્યાર્થીને સહાય માટે ૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. જ્યારે દિવ્યાંગ વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટ સુવિધા માટે અને સેન્સરી પાર્ક માટે ૯૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**ઉચ્ચ ટેક્નિકલ શિક્ષણનું બજેટ :**

ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણમાં સરકાર દ્વારા કેટલીક નવી જાહેરાતો કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને ૧૬ નવી સરકારી કૉલેજો બનાવવાની તેમજ હોસ્ટેલ ક્ષમતા વધારવાની તથા એલ.ડી. ઈજનેરી કૉલેજમાં રિસર્ચ પાર્ક બનાવવાથી માંડી યુનિવર્સિટીઓને સ્પોર્ટ્સ્ ફેસિલિટી માટે ૯૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વધુમાં આઠ કૉલેજોમાં નવો પ્રવાહ-સ્ટ્રીમ શરૂ કરવા ૧૨૬ કરોડ રૂપિયાની જોગવાઈ થઈ છે. સરકારી ટેક્નિકલ કૉલેજોમાં ભૌતિક સુવિધાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સોફ્ટવેર માટે

૯૭ કરોડ ફાળવ્યા છે. કૌશલ્ય સહાય સ્કીમમાં ઈન્ટર્નશિપ માટે ૨.૧૨ લાખ વિદ્યાર્થીને સહાય આપવા ૪૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ સાથે સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ માટે કુલ રૂપિયા ૨૬૩૪ કરોડની જોગવાઈ કરાઈ છે.

**મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે ₹ ૭૬૯૦ કરોડનું આયોજન :**

રાજ્યના આ વખતના બજેટમાં મહિલા અને બાળવિકાસ માટે રૂપિયા ૭૬૯૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. જેમાં બે હજાર નવી આંગણવાડી બનાવવા ₹ ૩૬૦ કરોડ, વિધવા બહેનો માટે રૂપિયા ૨૮૪૮ કરોડ, આંગણવાડીના બાળકો તેમજ સગર્ભા અને ધાત્રી માતાને પોષણ કિટ પૂરી પાડવા કુલ રૂા. ૧૫૪૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**જેઈઈ-મેઈન ૧૦૦ પર્સેન્ટાઈલ સાથે રાજકોટનો વિદ્યાર્થી દેશના ટોપ-૧૨માં :**

ધોરણ-૧૨ના સાયન્સ પછીના ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની જેઈઈ (જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ) મેઈનની સેશન-૧ની પરીક્ષાના પરિણામમાં રાજકોટના વિદ્યાર્થીએ પૂરા ૧૦૦ પર્સેન્ટાઈલ સાથે દેશના ટોપ-૧૨માં સ્થાન મેળવ્યું છે. ગયા વર્ષે ૧૦૦ પર્સેન્ટાઈલ ધરાવતા કુલ ૧૪ વિદ્યાર્થીઓ સમગ્ર દેશમાં હતા. આ વર્ષે કુલ ૧૨ વિદ્યાર્થીઓ છે. અમદાવાદના અનેક વિદ્યાર્થીઓએ ૯૯.૯૯ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. નિમય પુરોહિત ૨૯૧ માર્ક સાથે ગુજરાતમાં ટોપર છે.

**સીએમએ ફાઈનલનું ૩૦.૩૨ ટકા પરિણામ :**

'આઈસીએમએઆઈ' દ્વારા ડિસેમ્બર-૨૦૨૫માં લેવાયેલ કોસ્ટ એકાઉન્ટિંગ મેનેજમેન્ટ ઈન્ટરમીડિએટ અને ફાઈનલ પરિણામ જાહેર થયું. જેમાં ઈન્ટરનું સમગ્ર દેશનું ૨૮.૪૮ ટકા અને ફાઈનલનું ૩૦.૩૨ ટકા પરિણામ રહ્યું છે. ઈન્ટરમીડિએટમાં ચાર વિદ્યાર્થી દેશના ટોપ-૫૦ના રેન્કમાં આવ્યા છે. આ પરીક્ષાઓ સાથે અમદાવાદ સેન્ટરના ૪૮ વિદ્યાર્થીઓ સીએમએ પ્રોફેશનલ ડિગ્રી મેળવવા માટે લાયક થયા છે.

**સાંપાના શિક્ષિકા શ્રી મિતલબેન પટેલના ત્રણ નવા વિજ્ઞાન પુસ્તકોનું પ્રકાશન થયું :**

શિક્ષણ જગતમાં ક્યારેક વિજ્ઞાનને માત્ર પ્રયોગો અને સૂત્રો પૂરતું જ મર્યાદિત રખાય છે. ત્યારે ગાંધીનગરના દહેગામ તાલુકાના સાંપા ગામના કર્મઠ શિક્ષિકા અને લેખિકા શ્રી મિતલબેન પટેલે વિજ્ઞાનને કળા, નાટક અને કવિતા સાથે જોડીને એક નવો જ રાહ ચીંધ્યો છે. ગુર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ દ્વારા તેમના વિજ્ઞાન વિષયક ત્રણ નવા પુસ્તકો, વિજ્ઞાનના નાટકો, વિજ્ઞાનની વાર્તાઓ અને વિજ્ઞાનની કવિતાઓ પ્રકાશિત થયા છે. આ પુસ્તકો નામ આ મુજબ છે : (૧) વિજ્ઞાનના નાટકો (૨) વિજ્ઞાનની વાર્તાઓ (૩) વિજ્ઞાનની કવિતાઓ.

**માતૃભાષા મહોત્સવ - ૨૦૨૬**

પૂર્વી સેવા ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સરસ્વતી હાયર સેકન્ડરી સ્કૂલ, ચાંદખેડામાં માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના અને ત્યારબાદ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય થયું

હતું. ત્યારબાદ ડૉ. ગુલાબચંદ પટેલ, 'પંચોલી' શ્રી ગોવિંદભાઈ દરજી 'દેવાંશી'. શ્રી મણિલાલ શ્રીમાળી - 'મિલન', શ્રી મંજુલાબેન પરમાર તંત્રીશ્રી લોકમંતવ્ય પથિક, શ્રી મહેન્દ્રભાઈ ચૌહાણ અને શ્રી ગંગારામભાઈ ચૌહાણનું પુષ્પગુચ્છથી સન્માન કરાયું.

માતૃભાષાનું મહત્ત્વ, દુહા-છંદની રમઝટ શ્રી ભરતદાન ગઢવી સાહેબની ઉપસ્થિતિ પ્રેરક રહી હતી.

કાર્યક્રમ સર્વાંગ સફળ રહ્યો હતો.

**ટૂંકાવીને...**

- ગુજરાત બોર્ડની ધોરણ-૧૨ની પરીક્ષામાં સાયન્સમાં એ ગ્રુપમાં કુલ ૧૦ હજાર વિદ્યાર્થી વધ્યા.
- અમદાવાદ જિલ્લામાં ૧.૭૩ લાખ વિદ્યાર્થીઓ.
- 'સસ્તુ સાહિત્ય મુદ્રાણલય ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત આદિ શંકરાચાર્ય ગ્રંથાવલિની ગુજરાતી આવૃત્તિનું વિમોચન.
- શ્રી અરવિંદ વૈદ્ય (આર્ટ), શ્રી રતિલાલ બોરીસાગર (સાહિત્ય), શ્રી ધાર્મિકલાલ પંડ્યા (લોકકલા), શ્રી હાજી રમકડું (સંગીત) શ્રી નીલેશ માંડલેવાલા (સામાજિક કાર્ય)ને પદ્મ સન્માન.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૨૪ થી ચાલુ)**

સાથે ગૂંથીને કવિ કાગે રચેલા કાવ્યો શું વિદ્યાર્થીઓના હૃદયમાં ઊંડો અને અસરકારક પ્રભાવ પેદા નહીં કરે?

ભારતીય ઉપખંડમાં સંસ્કૃતિના એક મહત્ત્વપૂર્ણ ઘડવૈયા અને સાહિત્યમાં નોબેલ પારિતોષિકથી પુરસ્કૃત કવિવર રવીન્દ્રનાથ ટાગોરની પ્રકૃતિ પ્રેમ અને આધ્યાત્મિકતાના વિષયોને સરળતાથી ભેળવતી કવિતાઓ વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કર્યા વિના નહીં રહે.

તો શિક્ષિકા તરીકે મારું માનવું છે કે આપણી ફરજ એ છે કે આપણે આપણા વિદ્યાર્થીઓને તેમની સંપૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરવા માટે સક્ષમ બનાવીએ. અભ્યાસક્રમની અન્ય કોઈપણ શાખા કરતાં કવિતાના માધ્યમ દ્વારા આ કરવાની શક્યતા ઘણી વધારે છે. આથી જ વિદ્યાર્થીઓને કવિતાઓ વાંચવા માટે પ્રોત્સાહિત કરવા પર ભાર મૂકવો જોઈએ.

કાવ્ય વાચકો સુધી સંદેશ પહોંચાડવામાં અતિ શક્તિશાળી પૂરવાર થાય છે. આથી જ અંગ્રેજી કવિ, તત્ત્વવેતા અને વિવેચક સેમ્યુઅલ ટેલર કહે છે,

''ગદ્ય = શ્રેષ્ઠ ક્રમમાં શબ્દો,

કાવ્ય = શ્રેષ્ઠ ક્રમમાં શ્રેષ્ઠ શબ્દો.'

ગુજરાતી ભાષા અપવાદરૂપે કાવ્યના સંદર્ભમાં ઘણી સમૃદ્ધ છે. મધ્યયુગના કાળમાં ભક્તિ કાવ્યોથી આધુનિક સમયના વિચારશીલ કાવ્યો સુધી ગુજરાતી ભાષાએ સદીઓથી વિવિધ સ્વરૂપો ધારણ કરેલાં છે. તો આપણે પણ કાવ્યો, ખંડકાવ્યો, મહાકાવ્યો, ગઝલ, સોનેટ, હાઈકુ, મુક્તક, ગરબી-ગરબા, લોકગીતો દ્વારા કાગળ પર લખાયેલા શબ્દો કરતાં વિદ્યાર્થીઓને વાંચવાના અને ગાવાના આનંદ તરફ લઈ જઈએ.

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાંતિકુમાર કોઠારી વિદ્યાલયના બાલવિહારમાં તા.૧૪-૩-૨૦૨૬ના રોજ શાળાનાં ભૂલકાંઓ સાથે મળીને દાર્શનિક પ્રવૃત્તિના સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વાલીઓ અને બાળકોએ પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.










## ડો. રક્ષાબેન દવેના વિશિષ્ટ શૈલીના ચિત્રો






ઘરશાળા
એપ્રિલ-૨૦૨૬
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-

## કોઈ વાર એમ થાય

કોઈ વાર એમ થાય, ભગવાન
કે ખરેખર શું તમે હશો?
અમારી પ્રાર્થના સાંભળતા હશો ?
આ અનંત બ્રહ્માંડની રમણા પાછળ
ખરેખર શું તમારી ચિન્મયી સત્તા કામ કરતી હશે?

કારણકે,
દુનિયામાં એવું તો કેટકેટલું છે
જે અત્યંત ભયંકર, અત્યંત કુરૂપ છે;
હિંસા અને ક્રૂરતા, અનીતિ અને ભ્રષ્ટાચાર
સ્વાર્થ અને શોષણથી
આખુંયે વાતાવરણ કહોવાઈ રહ્યું છે
ઘાતક શસ્ત્રોના નિષ્ઠુર ખડકલા આગળ
માનવીના કોમળ જીવનનું કાંઈ મૂલ્ય રહ્યું નથી.

અમારા બાંધવોનાં હૃદય છાની આગમાં શેકાતાં હોય
ત્યારે અમે નિરાંતની ઊંઘ ઊંઘતાં રહ્યાં છીએ
બીજાઓ સમાજમાં કેટલી અશાંતિ ફેલાવે છે
તેની વાતો કરી છે,
પણ અમારા વ્યવહારથી અમે આજુબાજુ કેટલી
અશાંતિ ફેલાવીએ છીએ, તે કયારેય જોયું નથી.

દુનિયામાં દેખાતી નિષ્ઠુરતા, તે એક એક વ્યક્તિની
એક એક નિષ્ઠુરતાનો જ સરવાળો છે.
જેને લઈને અમે તમને દોષ દઈએ છીએ
તે તો અમારો જ ગુનો છે.

અમે દુનિયાને બદલવાના પ્રયત્નો કરીએ
સમૂળી ક્રાન્તિના સિદ્ધાંતો રચીએ
એને બદલે અમે દરેક જણ
જો થોડાક વધુ સારા થઈ એ,
થોડાક ઓછા સ્વાર્થી થઈએ.
બીજાઓનો થોડોક વધુ ખ્યાલ કરીએ,
તો દુનિયાના રૂપરંગ બદલાઈ ન જાય, ભગવાન?

- કુન્દનિકા કાપડીઆ
(સાભાર : પરમ સમીપે)

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું